

# અધ્યાત્મ

વર્ષ : ૧૮ ઓક્ટોબર–૧૯૯૬ અંક : ૧

## * આદર્શ કર્મયોગી કેવો હોય? *

માનવની પ્રકૃતિ જ સામાન્ય રીતે એવી છે કે કોલાહલ અથવા સહેજપણ કોલાહલ થતો હોય તો શાંતિને સાચવી ના શકે, સ્વસ્થતાથી વાંચીવિચારી લખી કે ધ્યાન ધરી ના શકે, અથવા મનને પોતાના પ્રિય પદાર્થમાં પરોવીને એકાગ્ર ના કરી શકે, એમાં તલ્લીન તો ભાગ્યે જ બની શકે. કોઈક ગંભીર ચિંતનમનન કરવાનું હોય તો શાંતિની, બાહ્યશાંતિની પણ અપેક્ષા રાખે છે. એ સંદર્ભમાં ગીતાના ગાયક ભગવાન કૃષ્ણના વ્યક્તિત્વનો વિચાર કરવાજેવો છે. એ એકાંત અરણ્યમાં, કોલાહલરહિત કર્મોપદેશમાં, ગંભીર ગિરિગુફામાં, શાંત સરિતાતટપર, પુષ્પોના પરિમલપ્રસન્ન ઉલ્લાસદાયક ઉદ્યાનમાં, કે નિ:શબ્દ બંધ ઘરમાં નથી બેઠા. એ તો મહાયુદ્ધનાં મહાભીષણ મેદાનમાં છે. એમની આસપાસ સુવિશાળ સંગ્રામાતુર સેના છે. અશ્વોના હણહણાટ, શસ્ત્રાસ્ત્રોના ખખડાટ, યુદ્ધકુશળ યોદ્ધાઓના શૂરવીરતાપૂર્ણ શબ્દધ્વનિ છવાયલા છે. એમની વચ્ચે પણ એ સ્વસ્થચિત્ત અને શાંત છે. જ્ઞાનવિજ્ઞાનનાં ગૂઢાતિગૂઢ રહસ્યોને રજૂ કરતાં સહેજપણ ક્ષોભ નથી અનુભવતા. એમની માનસિક સ્થિરતા અનંત અથવા અખંડ છે. એમનું આત્માનુભૂતિથી આલોકિત અંતર સહેજપણ ક્ષુબ્ધ નથી બનતું. શાશ્વતી શાંતિ એમની ચિરસહચરી બનીને એમના વ્યક્તિત્વના પ્રત્યેક પાસામાં એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રગટ થાય છે. એમનું મુખમંડળ સહેજપણ મ્લાન નથી બનતું. એ શું સૂચવે છે? એ જ કે આદર્શ કર્મયોગી ભગવાન કૃષ્ણની પેઠે પ્રત્યેક પરિસ્થિતિમાં, સમ કે વિષમ વાતાવરણમાં, સ્વસ્થ અને શાંત હોય છે. એની પ્રસન્નતા કદી પણ કોઈયે કારણે કરમાતી નથી. ભગવાન કૃષ્ણ ગીતાના આદર્શ કર્મયોગના પ્રતીકજેવા છે.

યોગેશ્વરજી

**"જય જય જ્યોતિર્મયી માતા, વંદુ માત ભવાની."**



**મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી**

નિર્વાણ : ૪–૧૦–૮૦ ભાવનગર

# દુઃખથી ના ડરવું

દુઃખથી ના ડરવું, ઓ મનવા !
દુઃખથી ના ડરવું.
જેમ જેમ દુઃખ પડે હરિ-
સમરણ વધુ કરવું. મનવા૦

દુઃખ સત્ય ના દુઃખ માન તું,
હરિને ભૂલ્યે દુઃખ;
હરિસ્મરણમાં સુખ હમેશાં
તેમાં રે' ચકચૂર.
હરતાં ફરતાં હરિને ભજવું
સંકટને તરવું. મનવા૦

હરિસુમિરનથી સંકટ નાસે,
એમાં ના કૈં ભૂલ;
હરિના પ્રેમમહીં પાગલ થા
સુમિરનમાં ના ચૂક.
દિવસ રાત હરિનામ જ રટવું
સુખ એમાં ગણવું. મનવા૦

— યોગેશ્વર


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અઢારમા વર્ષના પ્રારંભે | તંત્રી | ૧૨ |
| પૂ. માતાજી જ્યોતિર્મયીની ચારધામ યાત્રા | યોગેશ્વરજી | ૧૩ |
| ૧૫ ઓગસ્ટ પૂ. શ્રીનો પ્રાકટ્ય દિન અમૃત મહોત્સવ | સુરેશ શાહ, ટોરોન્ટો–કેનેડા | ૨૨ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૨૫ |
| શમણાંની છીપમાં | ડો. રણજિત પટેલ | ૨૯ |
| યોગેશ્વરની વાણી | પરમાર્થી | ૩૦ |
| સાર્થક જીવન કીધું | પરમાર્થી | ૩૧ |
| ચાહું | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૩૪ |
| ગુરુદેવના આશીર્વાદ વિના ના ચાલે, શા માટે? | પંન્યાસ રત્નસુંદરવિજય ગણિ | ૩૫ |
| જ્ઞાન–વિજ્ઞાન | યોગેશ્વરજી | ૩૮ |
| સુરપાણેશ્વરની સ્વપ્નયાત્રા | લાલજી મહારાજ | ૪૭ |
| સ્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ ઓક્ટોબર–૧૯૯૬ અંક : ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧૮–૫–૮૧, સોમવાર, વૈશાખ સુદ પૂનમ, ૨૦૩૭

સ્થળ : લૉ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ.

પૂ. શ્રી આજે ધ્યાનની પ્રથમ બેઠકમાં નીચે મુજબ સંબોધન કરે છે.

જેમના જીવનમાં કુકર્મોનો અંત આવ્યો હોય, જેમના જીવનમાં શુભ જ હોય. મન–વચન–કર્મથી પવિત્ર એવા યોગી, જ્ઞાની ભક્તો પ્રભુને જોઇ શકે છે. સમાધિમાં પ્રભુને જોઇ શકે છે.

ધ્યાનના આરંભમાં યોગમુદ્રા કરીએ. (એમ કહી યોગમુદ્રા સૌને કરાવી. વળી ષણ્મુખી મુદ્રા કરાવી. એક કલાક ધ્યાનની બેઠક શરૂ કરાવી.

બરાબર નવ વાગ્યે ધ્યાન પૂરું થતાં પૂ. શ્રીએ ધ્યાનની વિવિધ રીતો બતાવી. તે મુજબ સૌને થોડું થોડું ધ્યાન કરાવે છે.

૧. શ્વાસોશ્વાસની ગતિનું નિરીક્ષણ કરતાં ધ્યાન.

૨. શ્વાસને રોકીને કોઈ પણ જાતના સંકલ્પવિકલ્પ વિનાનું ધ્યાન.

૩. ઊઘાડી આંખે બંને આંખોની મધ્યમાં દૃષ્ટિ સ્થિર કરીને ધ્યાન.

૪. ઊઘાડી આંખે નાકની દાંડી પર ધ્યાન.

૫. બંધ આંખે બંને આંખોની મધ્યમાં દૃષ્ટિ સ્થિર કરી ધ્યાન.

૬. પ્રકાશના પૂંજમાં સુવર્ણઅક્ષરે ૐકાર લખ્યો છે તે વાંચતા વાંચતાં ધ્યાન.

—આમ ધ્યાનની વિવિધ રીતો–છ જેટલી રીતોથી ધ્યાનની પ્રક્રિયા બતાવી. અને ધ્યાન સૌને એ રીતે કરાવ્યું. ત્યારબાદ હળવી કસરત કરાવી.

આજે સવારે સમયસર સ્નાન, વ્યાયામ કરી લે છે. ગીતાપાઠ પણ નિયમિત રીતે ચાલે છે. શિબિરને લીધે પૂ. શ્રીને અતિ શ્રમ પડે છે. છતાં સાધકોને વધુ લાભ મળે તે માટે પોતાના શરીરની અસ્વસ્થતાને નગણ્ય ગણે છે. જો કે લોકોનો ઉદ્ધાર કરવાનો પૂ. શ્રીને ઉત્સાહ પણ નથી. પણ જે સાચા સાધકો છે તેમને મદદ મળે તે માટે શિબિરને માન્ય કરે છે.

ધ્યાનની બેઠક ૮ થી ૯ સુધી ચાલુ રહી. ત્યારબાદ પૂ. શ્રી નીચે પ્રમાણે સમજ આપતાં કહે છે કે :

હવે આપણે અતીન્દ્રિયનું દ્વાર ઊઘાડવા પ્રયત્ન કરીએ છીએ.



શરીર, મન, બુદ્ધિ, મંત્રમાં, ધ્યાનના વિષયમાં ચેતના ક્રમે ક્રમે સ્થિર બની પછી દેહભાન ચાલ્યું જાય. જે અવસ્થામાં બાહ્ય જગતનો ખ્યાલ નથી, કેવળ ચૈતન્ય સાથે સંબંધ થાય તે અવસ્થા સમાધિ. સમાધિ સહેલી નથી. ધ્યાન પણ સહેલું નથી. તૈલધારાવત્ (મન) એકાગ્ર બને તો તે ધ્યાન. અતીન્દ્રિયનું દ્વાર ઊઘાડવા પ્રાર્થના સંતોના આશીર્વાદ માગવા. નિરંતર પ્રયત્ન કરવા.

દરેક વસ્તુ પાછળ લાગીએ. લગન લાગવી જોઈએ. સમજ હોવી જોઈએ. નિરંતર પ્રયત્નો કરીએ. જેમ ચાનો અભ્યાસ એકવાર નહીં બે વાર ચાલ્યા કરે, જેમ શ્વાસનો અભ્યાસ નિરંતર ચાલ્યા કરે તેમ દીર્ઘકાળ ને નિરંતરનો અભ્યાસ કરવામાં આવે. ઉત્સાહ, લગન ને હિંમતથી બેસીએ.

કોઈકના લગનમાં જતા હોઈએ ત્યારે જે આનંદ થાય તેટલો જ આનંદ આ જીવ–શિવના લગ્ન માટે થવો જોઈએ. આશાવાદી મનોભાવના સાથે ઉલ્લાસથી ધ્યાનનો અભ્યાસ કરો. આનંદ, પ્રસન્નતાથી કરવાનું તો ભૂમિકા દૃઢ બને. અભ્યાસ પરિપક્વ થાય.

પ્રભુને પ્રાર્થના કરો. પ્રભુ ! મારા મનને શાંત કરો. ક્રોધ શાંત, અહંકાર શાંત, મોહ શાંત, નિરાશા આવી તો બેસી જાવ પ્રભુ આગળ. પ્રભુને પ્રાર્થો પ્રભુ ! શાંતિ આપો, માર્ગદર્શન આપો. પછી જુઓ, શાંતિ મળશે.

નિર્વિકારીતા, નમ્રતા, સરળતા, પ્રસન્નતા, પવિત્રતા, કર્તવ્યનિષ્ઠા, થાક ન લાગે તો આ બધા લાભો થાય છે. પ્રભુ ! આ અમારું મંદિર છે. અમે જ તાળાં માર્યાં છે. કૃપા કરો. તાળાં ઊઘાડો, દર્શન આપો, તમે જ કૃપા કરો, બારણાં ઊઘાડો, અમે શરણે આવ્યા છીએ. રક્ષણ આપો. આપો આપો ને આપો. બાળક

મા પાસે માગે, જીવનો સ્વભાવ જ માગવાનો, શિવનો સ્વભાવ આપવાનો છે. એટલે આપણે માંગીએ.

બારણા ઊઘાડીને અંદર આવી શકું ના.
તમે તો ઊઘાડો બારણાં,
તમારાં તમે તો ઊઘાડો બારણાં.

(ભજન ગવડાવે છે.)

સૌથી પ્રથમ શિવાનંદ આશ્રમમાં ગયો ત્યારે આ દ્વાર ઊઘડતું ન હતું. આખી રાત પ્રાર્થનામાં ગાળી. પ્રાર્થના કરતાં કરતાં આંખમાંથી આંસુ ચાલ્યાં જાય ને અંતે રાત્રે દેહભાન પ્રથમવાર ભૂલાયું. ત્યારે કેટલો આનંદ. મારા શરીરમાંથી ખૂબ સ્પષ્ટ મોટેથી અવાજ સંભળાયો. તમે મુક્ત જ રહેશો. આવી આકાશવાણી મેં અંદરથી સાંભળી. શાસ્ત્રોમાં વાંચીએ છીએ. આ અનુભવ સાથે જાગ્યો. આનંદ, આનંદ, આનંદ.

મનુષ્ય યત્ન, ઈશ્વર કૃપા, પ્રાર્થના-એ પણ યત્ન છે. પ્રાર્થના કરો. સમર્પિત થઈ જાવ. જીવન જતાં પહેલાં કદાચ દ્વાર ઊઘડી જાય. કદાચ દેવોનું દર્શન થઈ જાય તો જીવન ધન્ય બની જાય.

ગુજરાતમાં ઘણા સાત્ત્વિક આત્મા છે. એક ઈશ્વરભાઈ પેટલીકરની ક્ષીરવાણીથી આપણને શુભેચ્છા પાઠવી હતી. બીજા અજાતશત્રુ વિવેચક અહીં પધાર્યા છે. શ્રી અનંતરાય રાવળ આવ્યા છે. એમનું શાબ્દિક સન્માન કરીએ. શિબિર નિમિત્તે આવ્યા છે તો તેઓ કંઈક કહેશે એવી આપણે આશા રાખીએ.

"હું તો એમના સાન્નિધ્યનો લાભ લેવા આવ્યો છું. મારે બોલવાનું હોય જ નહીં. પણ એમની આજ્ઞા થઈ જેથી બોલવા ઊભો થયો છું.



ધ્યાનમાં બેસવાનો મારો આજે પ્રયત્ન રહ્યો. ધ્યાનની અગત્યતા વિશે એમણે ખૂબ સરસ અર્થ સમજાવ્યો. દુનિયામાં અશાંતિ અજંપો છે. એમાં અડધો કે પોણો કલાક અંદર ડૂબકી મારીએ એવી વાત એક વિદ્વાને પણ કરી હતી. આપણે સંસારીઓ આધિ–વ્યાધિ–ઉપાધિની શૈયામાં રાતદિવસ પોઢીએ છીએ. ધ્યાનશિબિર એમાંથી શાંતિ મેળવવા યોજાય છે.

મહાત્માશ્રી તો પોતે વરસોથી ૧૯૪૦ થી ધ્યેય સિદ્ધ કર્યું છે. પછી ઈશ્વરના આદેશ મુજબ સત્પ્રવૃત્તિ કરી રહ્યા છે. એઓશ્રી બારણાં ઠોકી જાગ્રત, ઉત્તિષ્ઠ થવાનો સંદેશો આપી રહ્યા છે."

—અનંતરાય રાવળે વક્તવ્ય પૂરું કર્યું.

**પૂ. શ્રી** : આવા વડીલોના આશીર્વાદ સાધકોને મળે અને સાધક ઉન્નતિને માર્ગે આગળ વધે. સુમધુર શબ્દોમાં નમ્રતાથી શ્રી અનંતરાય રાવળે સુંદર ઉદ્‌બોધન કર્યું.

નાનકડી ધૂન બોલાવીને કાર્યક્રમ પૂર્ણ થયો. ૨૦ મિનિટના વિશ્રામમાં પૂ. શ્રી દૂધ લે છે. ફરી પ્રશ્નોત્તરીની બેઠક શરૂ થઈ છે.

**પ્રશ્ન** : ગુરુની સેવા કરવી છે. પણ તક નથી મળતી, તો ધારો કે મૃત્યુ થઈ જાય તો બીજા જન્મે તે જ ગુરુની સેવા મળે ખરી?

**ઉત્તર** : ગુરુ જીવે છે ત્યાં સુધી જ સેવા કરી લો ને! ગુરુની સેવા પૈસાથી કરો. એના ઉપદેશને જીવનમાં આચરીને સેવા કરો. આપણા જે. વી. શાહ મુંબઈથી આવ્યા છે. ઊભા થાઓ. (પણ જે. વી. શાહ આવ્યા ન હતા) તો સૌ નિયમિત આવવાનું રાખો. એ જે. વી. શાહ હોલમાં આવશે તો ઊભા કરીશું. પણ તેઓ અમારાં પુસ્તકો ખરીદીને સાધુસંતોને ભેટ આપે છે. એટલે એ રીતે પણ સેવા કરી શકાય. ગુરુની સેવા કરો. જીવતા હોય ત્યારે જ કરો. અને પછી ગુરુનું શરીર ન હોય તો પછી ગયા તે ગયા.

તમે સડેલું શાક લઇને ગયા. ગુરુ જાણી ગયા તો ગુરુના કહ્યા પ્રમાણે ચાલો. તન મન ધનથી સેવા કરો.

**પ્રશ્ન :** આત્મા ને પ્રેતાત્મામાં શો ફેર?

**ઉત્તર :** પ્રેતાત્મા એટલે મૃત્યુ પામેલો જીવ અને આત્મા એટલે જીવતા માણસ. (એમ કહી પોતાના સ્કૂલજીવનના અનુભવ કહે છે. હસાહસ વચ્ચે અનુભવ કહી સંભળાવે છે. જી. ટી. બોર્ડીંગમાંથી વિદાય થયા પછી એકવાર હું મળવા ગયો ત્યારે ત્યાં પ્રેતાત્માની વાત કરી.

વાસના રહી જાય તેને પ્રેતાત્માની યોનિ મળે છે.

**પ્રશ્ન :** બે–ત્રણ ભગવાનના નામ જપીએ તો ચાલે.

૧. શ્રી રામ નમઃ ૨. શ્રી શિવમ્ નમઃ ૩. શ્રી કૃષ્ણ દેવાય નમઃ

**પૂ. શ્રી :** આ ત્રણે ત્રણ સરનામાં ખોટાં છે. બે–ત્રણ પ્રભુ નથી. પ્રભુ તો એક જ છે. નામ ઘણાં, રૂપ ઘણાં આપની ભાવના પ્રમાણે. એક જ છે એમ માનીને જુઓ તો વાંધો નહીં પણ શુદ્ધ મંત્ર જપો. તમે જે લખ્યા છે તે અશુદ્ધ છે. એક જ જપો તો લાંબેગાળે તે મંત્રના દેવ દર્શન આપશે. ખરા મંત્રો આ પ્રમાણે છે. શ્રી રામાય નમઃ, ૐ નમઃ શિવાય, શ્રી કૃષ્ણાય નમઃ.

**પ્રશ્ન :** સંકલ્પ પ્રમાણે ન થાય તો દોષ લાગે ખરો?

**પૂ. શ્રી :** સંકલ્પ તોડવાનો દોષ તો લાગે જ. સંકલ્પ પ્રમાણે જપ ન થયા તો દિવસ દરમ્યાન જપ કરી લો. જપ કરવાનો આગ્રહ જરૂર રાખો. મુસાફરીમાં પણ કરી લો. અમે પણ મુસાફરીમાં જપ કરી લઇએ છીએ.



મન એવું પ્રમાદી છે કે છટકબારી શોધી જ લે. મુંબઇના હરગોવિંદભાઇ જાની. એનો એવો નિયમ છે જમ્યા પહેલાં સંધ્યા કરવાની. તો રાતે ગમે તેટલું મોડું કામમાં થાય તોપણ એ નિયમ પાળે જ. નિયમ ન પળાય તો દંડ રાખો. એક ટંક જમવાનું બંધ. દાળ કે શાક બંધ રાખો.

**પ્રશ્ન :** કોઇ આપણી નિંદા કરે ત્યારે આપણાં પાપ ધોવાય છે ખરાં?

**પૂ. શ્રી :** પાપ તો કેવી રીતે ધોવાય? પણ આપણા ખમીરની કસોટી થાય છે. નિંદાથી ડરો નહીં. સહન કરો. ચલાયમાન ન થાવ, પણ સાચા માર્ગે વળગી રહો. નિંદકોને દોષ લાગે જ છે. ઘણા નિંદાથી ડરીને સાચો પંથ પણ છોડી દે, પણ ન્યાયપંથેથી કદી ન ડગે તે ધીરપુરુષો.

આજે ઘણા પ્રશ્નોના ઉત્તરો પૂ. શ્રીએ સમયના અભાવે ન આપ્યા. સવારની ધ્યાનની બીજી બેઠકનો સમય થઇ ગયો જેથી અડધો કલાકનું ધ્યાન શરૂ કરાવ્યું.

ધ્યાનના આ કાર્યક્રમ દરમ્યાન પણ પૂ. શ્રી પોતાની બેઠક ઉપર જ શાંતિથી આંખ મીંચીને ધ્યાનમાં બેસે છે. સૌની સાથે પોતે પણ ધ્યાનમાં બેસે જ છે.

ૐકારના પાંચ ઉચ્ચાર સાથે ધ્યાન પૂર્ણ થયું. સર્વેશ્વરી "શું માંગુ રે શું માગું," એ ભજન ગવડાવે છે. કાર્યક્રમ પૂર્ણ થાય છે.

પૂ. શ્રી સમયસર નારણપુરાના ઉતારા પર આવી જાય છે. ખીચડી, રસ–પૂરીનું ભોજન છે. પણ એમાંથી પૂ. શ્રી ફક્ત રસ જ લે છે. ખીચડી કાચી જણાય છે. ભોજન બાદ રામાયણ લેખન માટે પૂ. શ્રી બેસી જાય છે. સર્વેશ્વરી પણ નોંધ કરી લે છે.

(સવારે શ્રી જીતુભાઇના પિતાજી અંગે તાર કરવામાં આવે છે. જેમાં ફોનથી સંદેશ મળ્યો. પિતાજીની પ્રેમથી સેવા કરજો. આટલા શબ્દો લખવામાં આવ્યા.)

લેખનકાર્ય બાદ થોડો આરામ કરી ફરી ચાર વાગ્યે શિબિર સ્થળે આવી જવાનું બને છે.

આજે સાધકોના અનુભવની શ્રેણીમાં વડોદરાના શ્રી વિજયભાઇ રાણાએ સૌ પ્રથમ અનુભૂતિનો વાર્તાલાપ આપ્યો. ત્યારબાદ શ્રી પદ્માબેન ત્રિવેદીએ (અમદાવાદ) ખૂબ સરસ વાર્તાલાપ આપ્યો. પછી મોરબીના શ્રી ગોરધનભાઇ કલોલાએ પોતાના અનુભવો કહ્યા. એ પછી નિર્મળાબેન ટેલરે પણ પોતાના અનુભવો રજૂ કર્યા. આજનો સાધકના અનુભવોનો આ કાર્યક્રમ એકંદરે રસપ્રદ બન્યો. સૌ વક્તાઓએ પોતાના જ અનુભવો કહ્યા જેમાં કોઇ ભાષાની ભભક ને સૂકું શાસ્ત્રજ્ઞાન ન હતું.

સમય થતાં પૂ. શ્રીએ સાંજની ધ્યાનની બેઠક ૐકાર બોલી શરૂ કરી. સૌ સાધકો શાંતિથી એ ધ્યાનના કાર્યક્રમમાં જોડાયા. છ વાગી ગયા. કાર્યક્રમ પૂરો થયો. પૂ. શ્રી દરરોજની જેમ બે–ત્રણ મિનિટમાં શાંતિથી સૌની પાસેથી પસાર થઇ બહાર નીકળી ગયા. શિબિરના ઉતારા પર આવી રામાયણની લેખન પ્રવૃત્તિ શરૂ કરી દીધી.

બરાબર સાત વાગ્યે પૂ. શ્રી લેખનકાર્યમાંથી નિવૃત્ત થઇને બહાર આવ્યા. આજે કપૂરાના ઘણા સાધકો પૂ. શ્રીને વિદાયના પ્રણામ કરી વિદાય લે છે. એક નાનકડી બેન પોતે એક જ દિવસ માટે શિબિરમાં રહી શકી તેનું દુઃખ અનુભવે છે. પૂ. શ્રી તેને આશ્વાસન આપતાં કહે છે કે :



તમે લગ્નજીવનમાં પ્રવેશ્યાં એટલે હવે એવું જ ચાલે ને! તમારા પાત્રને પ્રેમથી જીતી લો. હિંમતથી જીવતાં શીખો. અરે! એ તો હું એમાં પ્રવેશ્યો નથી. એટલે નહીં તો બતાવી દેત. (એમ કહી તે દુઃખી બેનને હસાવી નાંખી)

પ્રવચન સ્થળે જઇ પ્રવચન પૂર્ણ કરી ઉતારા પર આવી પૂ. શ્રી બટાટાવડા, કેરી અને દૂધ લે છે. આજે વડોદરા ફોન કરવાના પ્રયત્ન કર્યા પણ ન થયો જેથી પૂ. શ્રી કહેવા લાગ્યા. તાર કર્યો છે. હવે ફોનની જરૂર નથી. એમ કહી ડાયરી માગી, શ્રી જતુભાઇના પિતાજીના જીવન વિષે વાતો લખી. એ લખાણ પૂ. શ્રીની દિવ્યદૃષ્ટિ દર્શાવતું હતું ને એવી વાતો જણાવતું હતું. બીજી થોડી એ અંગેની વાતો કરી. પછી મૌન રાખ્યું. રામાયણનું લેખન એક કલાક પૂ. શ્રી કરે છે. ત્યારબાદ આરામ.

સર્વેશ્વરી આવતીકાલના વાર્તાલાપના મુદ્દાઓ નોંધે છે. ત્યારબાદ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

# અઢારમા વર્ષના પ્રારંભે

તંત્રી

"અધ્યાત્મ માસિક" તેના પ્રકાશનનાં ૧૭ વર્ષ પૂરાં કરી, અઢારમા વર્ષમાં પ્રવેશ કરે છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપા સિવાય આ શક્ય બની શક્યું ન હોત. એટલે આ પ્રસંગે તેઓ બંનેનો આભાર માની, અમે અમારી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

એ સાથે અમારે સુજ્ઞ વાંચકો ને અધ્યાત્મ પ્રત્યે આદરભાવ અને સહાનુભૂતિ ધરાવનાર ભારત અને પરદેશના સાધક ભાઇ-બહેનોનો આભાર માનવો જ રહ્યો. તેઓના સક્રિય સહકાર વિના અસ્તિત્વના આટલાં વર્ષો નભવાનું, ટકવાનું અમારા માટે શક્ય ન બન્યું હોત.

આ ઉપરાંત અનેક ભાઇબહેનોએ અધ્યાત્મને પોતાનું માની હૂંફ ધરી છે તે સહુ તેમ જ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનો આભાર માનીએ તે અસ્થાને નહિ લેખાય. રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસનો સહકાર તો ન ભૂલી શકાય તેવો રહ્યો છે. તેઓ અમારી હર મુશ્કેલીમાં અમારી પડખે ઊભા રહ્યા છે. જાણતા નથી કે હવે પછીનાં વર્ષોમાં અમે અધ્યાત્મ માટે કેટલું કરી શકીશું. આખરે પૂ. મા અને ગુરુદેવની ઇચ્છા પ્રમાણે જ બધું થશે.



પૂ. માતાજી

# જ્યોતિર્મયીની ચારધામ યાત્રા

યોગેશ્વરજી

[પ. પૂ. માતાજી જ્યોતિર્મયીની પુણ્યતિથિ તા. ૪ ઓક્ટોબરના રોજ આવે છે. તેથી તેઓનું સ્મરણ સહેજે થાય એ દેખીતું છે.

પૂ. માતાજી અમારે મન સદાય એક પૂજનીય અને આદરણીય વ્યક્તિ રહ્યાં છે. તેઓના નિર્વ્યાજ વાત્સલ્યભાવને માણવાનું સદ્ભાગ્ય આ જીવને મળ્યું છે. તેનું ગૌરવ છે. અમારે મન પણ તેઓશ્રી ભગવદીયા—જગદંબાસ્વરૂપ, સંતજનની રહ્યાં છે. તેઓશ્રીના અંતિમ દિવસોમાં પૂ. શ્રી અને પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે તેઓશ્રીની થોડી પણ સેવા કરવાનું સદ્ભાગ્ય પ્રભુએ અમને આપ્યું, તે પણ પૂર્વજન્મના કોઇ ઋણાનુબંધે જ હશે ને!

એવાં પૂ. માતાજીને અંજલિરૂપે તેઓશ્રીએ પૂ. મહાત્માજી સાથે ચારધામની હિમાલય યાત્રા કરેલી, તેની વિગતો પૂ. મહાત્માજીએ પોતે લખી છે, તે અહીં મૂકી છે. તેમાંથી પૂ. માતાજી વિષે એક સંતપુત્ર કેવો આદર અને પૂજ્યભાવ ધરાવતા, તેનું દર્શન થાય છે. વાંચકોને તે રોચક બનશે એવી આશા છે. —તંત્રી]

દેવકીબાઇની ધર્મશાળાનો ત્યાગ કરીને ચંપકભાઇ સાથે મેં દેવપ્રયાગ માટે પ્રસ્થાન કર્યું ત્યારથી અત્યાર સુધી હું વધારે ભાગે સાધનામાં મશગુલ રહ્યો હતો. તેથી સરોડા માતાજીને પત્રો લખવાનું કામ ચંપકભાઇએ જ ઉપાડી લીધેલું. દહેરાદુનમાં અમારે મળવાનું થયેલું ત્યારે તેમણે મને બદરીકેદાર ને ગંગોત્રી-

જમનોત્રની યાત્રા કરવાની ને તે વખતે મને સાથે રાખવાની ઇચ્છા કહી બતાવેલી. એ બધા દિવસો દરમ્યાન તે માતાજીને મારા વિશે પત્રો લખીને માહિતી પૂરી પાડતા. હવે યાત્રાનો સમય શરૂ થયો એટલે તેમણે દહેરાદુનથી નીકળવાનો નિર્ણય કર્યો. પણ તેની સાથે તેમણે એક બીજું મહત્ત્વનું કામ કર્યું. માતાજીને દહેરાદુન આવીને યાત્રાનો લાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું. દિલ્હી થઇને દહેરાદુન સુધી કેવી રીતે આવવું ને તેમને કેવી રીતે શોધી કાઢવા તેની સંપૂર્ણ માહિતી તેમણે માતાજીને મોકલી આપી.

ક્યાં નાનું સરખું ગામ સરોડા ને ક્યાં હિમાલય? સરોડાની નાની સરખી ઝૂંપડીમાં બેસીને માતાજીએ ચંપકભાઇના પત્રની વિગત વાંચી ત્યારે તેમની આગળ એક મહાન કોયડો ઊભો થયો. હિમાલય સુધી એકલા કેવી રીતે જવાય? તેમને મૂકવા પણ ત્યાં સુધી કોણ સાથે જાય? જેને વાત કરે તે એમ જ કહે કે હિમાલય જવાનું શું કામ! બદરીનાથની યાત્રા તો મહા ભયંકર યાત્રા છે. ત્યાં જઇને તો કોઇક જ પાછું આવે. વળી મહાત્માજી તો ગમે ત્યાં ફરે. આપણે એની પાછળ જવાનું શું કામ? શરીર સારું નથી ને ત્યાં જઇને માંદા પડાશે તો શું થશે?

લોકોની એવી એવી વાતો સાંભળીને માતાજીનું મન મૂંઝાતું. તે વખતે તેમનું શરીર પણ સારું ન હતું. તેમનો બધો જ આધાર મારા પર હતો. પણ મેં તો હવે ત્યાગનો માર્ગ ગ્રહણ કર્યો. તેથી તેમની ચિંતા વધી પડી. આવી રીતે આખું જીવન કેવી રીતે જશે તે તેમને સમજાતું ન હતું. તો પણ તે પહેલેથી જ સમજુ હતાં. તેથી બનતી ધીરજ ધારણ કરતાં. પરંતુ મારા પરના પુષ્કળ પ્રેમને લીધે તેમને કેટલીક વાર બેહોશી થઇ જતી. ખાસ કરીને કથા સાંભળતી વખતે ને ભજન ગાતી વખતે તેમની છાતી ભરાઇ જતી



ને રગો ખેંચાવા માંડતી. કથામાં ધ્રુવ જેવા ભક્તો ને તપસ્વીઓની વાતો સાંભળીને તેમને મારી સ્મૃતિ થતી ને પરિણામે બેહોશી પણ થઇ જતી. ગામડાનાં માણસો માનસશાસ્ત્રના આ સીધા ને સ્વાભાવિક કારણને સમજી શકતાં નહિ, તેથી માતાજીની એવી અવસ્થા વખતે તેમને ભૂત વળગ્યું છે એમ માનતાં ને કેટલાંક તો દોરાધાગા ને બાધા કરવાનું ને ભૂવાને બોલાવવાનું પણ કહેતાં. માતાજી તેમને સાચી વાત સમજાવીને કહેતાં કે તેમને કોઇયે રોગ નથી, તેમ જ ભૂતપ્રેતનો વળગાડે નથી. છતાં જડબુદ્ધિનાં માણસો પોતાના જ કક્કાને ખરો કરવા પ્રયાસ કરતાં.

એ દશામાં તેમને હિમાલયનો પ્રવાસ કરવાની સંમતિ કોણ આપે? પરંતુ તેમણે તો ગમે તેમ થાય પણ પ્રવાસ કરવાનો વિચાર કર્યો. તેમનું હૃદય મારા તરફ ખેંચાતું. ગમે તેમ કરીને મને મળવાની તેમની ઇચ્છા હતી. તે માટે ચંપકભાઇએ તેમને તક પણ પૂરી પાડી. તેનો લાભ ઊઠાવવાની તેમની ઇચ્છા હતી. કેમ કે ફરી વાર એવી તક ક્યારે આવે તેની કોને ખબર?

છેવટે હિંમત કરીને, લોકોની વાતોને લક્ષમાં લીધા વિના, તે અમદાવાદ આવી પહોંચ્યાં. તારાબેનનું લગ્ન મારી હાજરીમાં જ થયું હતું. તે અમદાવાદ રહેતી. માતાજીએ તેને બધી વાત કહી. તેણે માતાજીને ઉત્સાહ આપ્યો ને હિમાલય જવાની હિંમત આપી. તારાબેનની ઉંમર નાની છતાં સમજશક્તિ સારી હતી. તેથી પ્રસન્ન થઇને માતાજી વડોદરા આવ્યાં. રમણભાઇએ શરૂઆતમાં તો તેમને સમજાવવાનો પ્રયાસ કરી જોયો. પણ તેમનો દૃઢ નિરધાર જોઇને તેમણે તેમના પુત્ર મનુભાઇને તેમની સાથે દહેરાદુન સુધી જવા તૈયાર કર્યા. મનુભાઇ તે વખતે નાના હતા. પણ તેમની સમજણ ને ચતુરાઇ ઘણી હતી. તેથી તેમની સાથે મુસાફરી કરવામાં માતાજીને કોઇ તકલીફ પડે તેમ ન હતું.

એ રીતે ઈશ્વરની ઇચ્છાનુસાર બધી વ્યવસ્થા થઇ ગઇ ને માતાજી તથા મનુભાઇ દહેરાદુન આવી પહોંચ્યાં. તે પછી થોડા દિવસે તે મસુરી પહોંચ્યાં. મસુરીમાં ચંપકભાઇ માતાજીને એક પ્રખ્યાત ધોધ પાસે લઇ ગયા. તેના ઠંડા પાણીમાં માતાજીએ સ્નાન કર્યું. એટલે તેમણે કહ્યું : 'હવે તમે હિમાલયના ઠંડા પ્રદેશની યાત્રા કરી શકશો. તમારી સહનશક્તિની કસોટી થઇ ગઇ.'

મનુભાઇ મસુરીથી પાછા વળ્યા ને ચંપકભાઇ માતાજી સાથે આગળ વધ્યા. તેમની સાથે એક મજૂર પણ હતો. મેં તેમને જમનોત્રી થઇને ઉત્તરકાશી આવવાનું કહ્યું હતું. તે પ્રમાણે જમનોત્રીની કષ્ટમય યાત્રા કરીને એક ધન્ય દિવસે તે માતાજી સાથે ઉત્તરકાશી આવી પહોંચ્યા. તેમની એ સેવા ઘણી અ-સાધારણ હતી.

ચંપકભાઇ ને માતાજી હજી તો ઉત્તરકાશીમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતાં, ત્યાં જ મેં તેમને દૂરથી જોયાં. હું ક્ષેત્રમાંથી ભિક્ષા લઇને ગંગા તરફ જઇ રહ્યો હતો. ભિક્ષાને ગંગા કિનારે મૂકીને હું તેમને મળવા ગયો. માતાજીને મેં પ્રણામ કર્યા. એમની આંખમાં પ્રેમનાં આંસુ ઉભરાઇ આવ્યાં. ચંપકભાઇ તો મને હમણાં જ મળેલા, પણ માતાજી લગભગ દોઢેક વરસ પછી મળી રહ્યાં હતાં. મારું શરીર ખૂબ જ સારું હતું પણ મારા રૂપરંગમાં થોડોક ફેર પડેલો. ઋષિકેશની ધર્મશાળામાં આવ્યા પછી મેં સીવેલાં વસ્ત્રો પહેરવાનું બંધ કર્યું હતું ને દાઢીના વાળ વધવા દીધેલા. એટલે મારો વેશ તપસ્વી કે સાધુ જેવો લાગતો.

ભિક્ષાનું કામ પૂરું કરીને હું બિરલા ધર્મશાળામાં તેમની પાસે ગયો. બિરલા ધર્મશાળામાં તે વખતે શ્રી નારાયણ સ્વામી પણ ઉતર્યા હતા. તે ગુણપાટની લંગોટી પહેરતા ને મૌન રાખતા.



ગોરખપુરના ગીતા પ્રેસ તરફથી તેમની એક પુસ્તિકા 'એક સંતનો અનુભવ' બહાર પડેલી. તે વાંચ્યા પછી તેમના પ્રત્યે મને પ્રેમ થયેલો. તે એક ઉચ્ચ કોટિના અનુભવી સંતપુરુષ હતા. તેમણે નર્મદા તટ પર કરનાળી પાસે હનુમંતેશ્વરમાં વરસો સુધી રહીને સાધના કરેલી. તેમણે માતાજી ને ચંપકભાઇને તેમની રસોઇમાંથી પ્રસાદ આપ્યો. તે પછી માતાજી મારી સાથે મારી કુટિયામાં આવ્યાં. ત્યાં બેસીને તેમણે તારાબેનને પત્ર લખ્યો ને બીજો પત્ર રમણ-ભાઇને લખી દીધો.

ચંપકભાઇના પ્રેમને લીધે મેં તેમની સાથે યાત્રામાં જોડાવાની સંમતિ આપી. તે પ્રમાણે વળતે દિવસે અમે ગંગોત્રી જવા રવાના થયાં. ઉત્તરકાશીથી દોઢેક માઇલ દૂર સંગમ પર એક મકાન હતું. ત્યાં મંગલસ્વરૂપ નામે ગુજરાતી બ્રહ્મચારી રહેતા. તે ફળાહારી હતા. તેમને ત્યાં થોડોક વિશ્રામ કરી ભોજન કરીને અમે આગળ વધ્યાં. હવે અમે ગંગોત્રી તરફ જઇ રહ્યાં હતાં.

### માતાજીની માંદગી ને રામનું દર્શન

બદરીનાથથી હવે અમારે સીધા દેવપ્રયાગ થઇને ઋષિકેશ જવાનું હતું. હિમાલયની પ્રખ્યાત ચાર ધામની યાત્રા પ્રભુકૃપાથી પૂરી થઇ. લગભગ છેલ્લા બે મહિનાથી અમારો પ્રવાસ સતત રીતે ચાલ્યા કરતો. તેની ધ્યેય સિદ્ધિ થઇ ગઇ એટલે હવે વધારે ચાલવાની ઈચ્છા પણ ન હતી.

કર્ણપ્રયાગથી રાનીખેત જવાનો એક બીજો માર્ગ શરૂ થાય છે. અમારી સાથેના મજૂરની ઇચ્છા તે માર્ગે જવાની હતી, કેમ કે તેનું ગામ તે તરફથી પાસે પડે તેમ હતું. પરંતુ મારી ઇચ્છા દેવપ્રયાગ જવાની હતી. એટલે છેવટે અમે રાનીખેત જવાનો વિચાર માંડી વાળ્યો. તે વખતે આજના જેવી મોટરની વ્યવસ્થા

ન હતી. એટલે પગપાળા પ્રવાસ કરીને પાછાં અમે દેવપ્રયાગ પહોંચી ગયાં. દેવપ્રયાગથી ચંપકભાઇ મજૂરને લઇને પગરસ્તે ઋષિકેશ ગયા. અઠવાડિયા પછી માતાજી સાથે મેં પણ મોટરમાર્ગે ઋષિકેશ પહોંચવા દેવપ્રયાગની વિદાય લીધી.

ચાર ધામની યાત્રા અમે બહુ કપરા સંજોગોમાં કરેલી. અમારી આર્થિક સ્થિતિ સારી ન હતી. ચંપકભાઇ પોતે મિત્રોની મારફત મળતી મદદ પર પોતાનું જીવન ચલાવતા ને માતાજી ચાર ધામની યાત્રાની બરાબર કલ્પના નહિ હોવાથી થોડીક રકમ લઇને ઘેરથી નીકળેલાં. તો પણ પ્રભુની પરમકૃપાથી કોઇ જાતની તકલીફ ન પડી. મૂંઝવણના પ્રસંગો ચંપકભાઇને માટે કોઇ વાર ઊભા થયા ખરા, પણ થોડી જ વારમાં પ્રભુની કૃપાથી મૂંઝવણનો ઉકેલ થતો ગયો. એ રીતે આખીયે યાત્રા સુખપૂર્વક પતી ગઇ અને એક દિવસ અમે ઋષિકેશમાં આવી પહોંચ્યાં.

ઋષિકેશમાં અમારો ઉતારો ભગવાન આશ્રમમાં હતો. ભગવાન આશ્રમની ધર્મશાળાના શાંત ને સ્વચ્છ વાતાવરણમાં અમને અત્યંત આનંદ આવતો. ત્યાં થોડાક દિવસ રહ્યા પછી ચંપકભાઇ તેમનો વધારાનો સામાન લેવા દહેરાદુન ગયા. દહેરાદુનથી બે ત્રણ દિવસમાં પાછા આવીને તે અમારી સાથે ગુજરાતમાં આવવાની ઇચ્છા રાખતા હતા. પરંતુ ઈશ્વરની ઇચ્છા જુદી જ હતી. દહેરાદુનમાં ગયા પછી તેમને તરત કોલેરા થયો જાણીને મને લાગી આવ્યું. પણ તેમની પાસે જવું કેવી રીતે? ઋષિકેશમાં માતાજીને એકલાં મૂકાય તેમ ન હતું. જો તે સાજાં હોત તો તો એકલાં રહી શકત. પણ તેમની તબિયત ખરાબ હતી. ઋષિકેશમાં આવ્યા પછી તેમને ઝાડા થયેલા ને તેમાંથી ભયંકર મરડો થઇ ગયેલો. તેમને યાત્રાનું પાણી લાગેલું. તેને લીધે તેમની દશા ધીરે



ધીરે કરુણ થતી જતી હતી. તેમની તબિયત લથડતી જતી હતી. પાછળથી તો તે પથારીવશ થઇ ગયાં. તેમને ઝાડામાં લોહી પડતું. એ દશામાં એમને એકલાં મૂકીને મારાથી ચંપકભાઇ પાસે જવાય તેમ ન હતું. ચંપકભાઇ તો જોશીજીના ઘરમાં હતા. તેમની સારવાર ત્યાં થઇ શકે તે સમજી શકાય તેમ હતું. પણ માતાજીની સારવાર બીજું કોણ કરે? તેમને ભગવાન આશ્રમની અજાણી જગામાં બીજા કોને ભરોસે મૂકી શકાય? એટલે ચંપકભાઇને માટે મારા દિલમાં અત્યંત પ્રેમ હોવા છતાં તેમની પાસે જવાનો વિચાર પરિસ્થિતિની પ્રતિકૂળતાને લીધે મુલતવી રાખવો પડયો. પત્ર લખીને તેમને મેં પરિસ્થિતિથી વાકેફ કર્યાં.

માતાજીની તબિયત બગડવાનું મુખ્ય કારણ હિમાલયની લાંબી ને કષ્ટમય યાત્રા હતું. એમ તો ઘણા લોકો યાત્રા કરે છે. તે બધાની તબિયત બગડે છે જ એમ નથી. માતાજીનું સ્વાસ્થ્ય પહેલેથી બહુ સારું ન હતું. પર્વતીય પ્રદેશનો પગપાળા કરાયલો પ્રવાસ તેમને માટે આ પહેલો જ હતો. તેથી તેમની તબિયત બગડી ગઇ.

એ દિવસો ખરેખર વિકટ હતા. માતાજીને કોઇ રીતે આરામ થતો ન હતો. અમારી પાસે પુરતા પૈસા પણ ન હતા. ગુજરાત તરફ પ્રયાણ કરવાની ઇચ્છા હતી, પણ માતાજીની તબિયત જરાક પણ સુધરે તો જઇ શકાય ને? દહેરાદુનમાં ચંપકભાઇ પણ ખૂબ જ બિમાર હતા. એક દિવસ તો માતાજીની દશા જરા વધારે ખરાબ થઇ ગઇ. હું તેમને હિંમત આપતો. પણ તેમની તબિયત સુધરતી ન હતી. તેથી તે નિરાશ થતાં જતાં. તે દિવસે રાતે તેમણે મારી પાસે ઘીનો દીવો કરાવ્યો. તેમને એમ થયું કે હવે કદાચ નહિ બચાય.

પરંતુ પ્રભુ દયાળુ છે. તેણે પોતાની દયા તે રાતે વરસાવી.

તેને શરણે જે બેસે છે ને જે તેને પ્રાર્થે છે ને પોકારે છે તેને મદદ કરવા તે સદાય તૈયાર રહે છે. ભક્તોની બધી રીતે રક્ષા કરવાનો તેનો સ્વભાવ છે. અમારામાં સાચી ને સંપૂર્ણ ભક્તિ ન હતી, પણ અમે તેનું શરણ લીધેલું. તેના વિના અમારે બીજા કોઇનો આધાર ન હતો. તેની કૃપા વિના આ કપરી પરિસ્થિતિમાંથી બહાર નીક-ળાય તેમ ન હતું. ને સદ્‌ભાગ્યે તેની કૃપા થઇ. માતાજી ઓરડાની બહાર ઓસરીમાં ખાટલા પર સૂતેલાં. ત્યારે લગભગ મધરાત વખતે અર્ધજાગૃતિ જેવી દશામાં એમને એક અલૌકિક અનુભવ થયો. તેમના ખાટલાની પાંજેઠ તરફથી એક તેજોમય સ્વરૂપ બહાર નીકળવા લાગ્યું. તેને ધડનો ભાગ ન હતો. કેવળ તેનું મુખ જ દેખાતું. તેને માથે સુંદર મુકુટ હતો. તે સ્વરૂપ ધીરે ધીરે આગળ વધીને તેમની છાતીથી જરાક ઉપરના ભાગ સુધી આવી ગયું. તેનું તેજ માતાજીથી સહન થતું ન હતું. તેથી તે બે હાથ જોડીને બોલવા માંડયાં : 'હે પ્રભુ, તમારું તેજ મારાથી સહન નથી થતું. તમને હું પ્રણામ કરું છું.' તેમને જણાયું કે તે સ્વરૂપ ભગવાન શ્રી રામનું હતું. શ્રી રામે તેમને કૃપા કરીને એ અલૌકિક અનુભવ આપેલો. બેત્રણ મિનિટ રહીને એ અનુભવ બંધ થયો.

પણ તેમને માટે તો એ અલૌકિક અનુભવ આશીર્વાદરૂપ નીવડયો. પ્રભુએ જાણે એવી રીતે તેમના પર વિશેષ કૃપા કરી. તેને લીધે બીજા દિવસથી તેમની તબિયતમાં એકાએક સુધારો થવા માંડયો. સંપૂર્ણ સુધાર તો ઠેઠ ગુજરાતમાં આવ્યા પછી વડોદરામાં દવા કરાવ્યા પછી થયો, પણ પથારીવશ દશાનો અંત આવ્યો. થોડાક દિવસ આરામ કર્યા પછી ઋષિકેશ આવ્યા. તેમના દર્શનનો લાભ એક વાર ફરીથી પ્રાપ્ત થયો.

ઋષિકેશથી નીકળવા માટે અમારી પાસે પૈસાની પૂરતી સગવડ ન હતી. વડોદરાથી થોડીક રકમ મંગાવેલી. તેમાં મદદરૂપ



થાય એવો એક બીજો પ્રસંગ પ્રભુની કૃપાથી ઊભો થયો. અમદા-વાદમાં મને નામ માત્રથી ઓળખનાર એક ભાઇએ મને અચા-નક પચાસ રૂપિયાનો મનીઓર્ડર મોકલ્યો તે લઇને ટપાલી મારી પાસે આવ્યો. તેને સ્વીકારવો કે નહિ તેનો વિચાર થઇ પડયો. મોકલનાર તરીકે જે કંપની કે પેઢીના માણસનું નામ હતું તેમનો મને પરિચય ન હતો. છતાં ઈશ્વરની ઇચ્છા માનીને મેં તેનો નાછૂટકે સ્વીકાર કર્યો. ઈશ્વરની લીલા એવી જ અજબ છે. તે ક્યારે, ક્યાં ને કેવી રીતે મદદ કરે છે તે કોઇ કહી શકતું નથી. આજ સુધી એવી અચિંત્ય રીતે મને એણે અનેકવાર મદદ કરી છે ને માયાળુ માતાની જેમ મારી સંભાળ રાખી છે. મારું સમસ્ત જીવન એક રીતે એની મહાન કૃપાનો જ નમૂનો છે. એવા પરમપ્રેમમય કૃપાળુ ઈશ્વરને કેવી રીતે ભૂલી શકાય? ભૂલવાનો વિચાર પણ કેવી રીતે કરી શકાય? એવા કૃતઘ્ની સ્વપ્ને પણ કેવી રીતે થઇ શકાય?


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

૧૫ ઓગસ્ટ પૂ. શ્રીનો પ્રાકટ્ય દિન

# અમૃત મહોત્સવ

સુરેશ શાહ, ટોરોન્ટો-કેનેડા

[ઈ. સ. ૧૯૨૧-ઈ. સ. ૧૯૯૬]

પરમ પૂજ્ય યોગેશ્વરજી તા. ૧૫ ઓગસ્ટ ઈ. સ. ૧૯૨૧ માં સરોડાગામમાં જન્મ્યા. પૂર્વજન્મના અતિ અસામાન્ય સંસ્કારોના કારણે બાળપણથી જ સંસારના વિષયો અને આસક્તિઓથી વિમુક્ત રહ્યા, પ્રભુસ્મરણ અને પ્રભુના ધ્યાનમાં મગ્ન બન્યા, સંસારથી અલિપ્ત રહ્યા.

* પૂ. શ્રીનો જન્મ, ઉત્સવ બન્યો.
* પૂ. શ્રીની હિમાલયની સાધના અને મા જગદંબાનું દર્શન અને
* સ્પર્શન, મહોત્સવ બન્યાં.
* પૂ. મા સર્વેશ્વરીનું વિશ્વને પ્રદાન કરી અને સૂક્ષ્મ રીતે વિશ્વમાં વિચરતા, પૂ. શ્રીનો આજે અમૃતમહોત્સવ.

પૃથ્વી ઉપર સામાન્ય માનવ તરીકે આપ વિચર્યા, વિહર્યા અને અનુપમ લીલા કરી. "પ્રકાશના પંથે" આપની આત્મકથાથી આપે સિદ્ધ કર્યું, દૃઢતાથી જનસમાજને સમજાવ્યું અને પ્રતીતિ કરાવી કે–

* ભગવાં કપડાં પહેરવાથી ભગવાન મલતા નથી.
* દાઢી વધારવાથી દૃઢતા મળતી નથી.



* કેશ વધારવાથી પ્રભુની કૃપા પ્રાપ્ત થતી નથી.
* શરીરે ભસ્મ લગાવવાથી ભગવતી થવાતું નથી.
* તિલક કરવાથી પ્રભુ પ્રત્યેની તીવ્રતા વધતી નથી.
* આશ્રમો, મઠોમાં કે ધર્મશાળાઓમાં પરિવારનો પરિત્યાગ કરી એકલા રહેવાથી ઈશ્વરાભિમુખ થવાતું નથી.
* અંધશ્રદ્ધા, ઘેલછા કે સ્મશાનવૈરાગ્યથી ઈશ્વર સમીપ પહોંચાતું નથી.
* તીર્થસ્થાનોનું સેવન કરવાથી કે સરિતાઓમાં સ્નાન કરવાથી પણ પ્રભુની પ્રીતિ પ્રાપ્ત થતી નથી.

જીવનના બાલ્યકાળથી જીવનના અંતિમ દિવસ સુધી આપનું સતત સાન્નિધ્ય 'મા' જગદંબા સાથે રહ્યું. કારણ–

* ઈશ્વર સિવાય સર્વમાં આપે નશ્વરતા જોઈ.
* ચિત્ત, હૃદય અને પ્રાણ પ્રભુ સિવાય કોઈને અર્પણ કર્યાં નહીં.
* મૌન, ઉપવાસો અને ઘોર તપશ્ચર્યા કરી જીવન પ્રભુસાથે જોડયું, પ્રભુમય બન્યા અને અંતે માની કૃપાથી આપે પૂ. માનું સતત સાન્નિધ્ય પ્રાપ્ત કર્યું.

આપના અનુગ્રહથી અને આપની દિવ્યશક્તિના કારણે– આપના શ્રી ચરણોમાં બેસી–આપના દર્શન અને ઉપદેશોથી,

* અમે ધન્ય બન્યા, કૃતકૃત્ય બન્યા.
* અમે આધ્યાત્મિકતા પામ્યા.
* ભક્તિનો અમારા જીવનમાં ઉદય થયો.
* અમને સાંસારિક પ્રલોભનોની પામરતાનું જ્ઞાન થયું.
* અમને વિષયોની વિનાશકતાનું ભાન થયું.

* અમને જીવનના ધ્યેય અને જીવનના હેતુ સમજાયા.
* અમને જીવનમાં કમળવત્ રહી જીવવાની શીખ મળી.
* અમને જીવનના સારાસાર સમજવાની પ્રેરણા મળી.

આપશ્રીનું હૃદય પ્રથમથી જ પરમાત્માના પવિત્રતમ પ્રેમ-રંગથી રંગાએલું જેથી આપના જીવનમાં તમોગુણ, રજોગુણ કે સત્ત્વગુણ કશાનું અસ્તિત્વ ના રહ્યું. કેવળ પરમાત્મા જ જીવનમાં શેષ રહી ગયા.

પૃથ્વીના પવિત્રતટ પર ભાગીરથીનું પવિત્રતમ પ્રાકટય જેવી રીતે હિમાચ્છાદિત પર્વતપ્રદેશની વચ્ચેના ગોમુખમાંથી થએલું દેખાય છે તેવી રીતે પૂ. મા સર્વેશ્વરીને સમસ્ત માનવજાતના કલ્યાણ અર્થે, ધીરગંભીર, પ્રસન્ન પ્રાણ, પરમાત્મપરાયણ (પૂ. શ્રીના) પ્રાણપ્રદેશમાંથી આપે પ્રકટાવ્યાં છે.

સ્વનામધન્ય, પરમાત્મપરાયણ, પ્રાતઃસ્મરણીય, સંતશિરોમણિ, મહીમંડળના મહાપુરુષો, જ્યોતિર્ધરો, સર્વોત્કૃષ્ટ સત્પુરુષો અને અવતારોમાં આપનું સ્થાન સદાને માટે અમર રહેશે.

* સરોડાના એ સરોડાનંદનને પ્રણામ.
* સાબરમતીના એ સંતને કોટિવંદન.
* દેવપ્રયાગના એ દેવર્ષિને પ્રેમાંજલિ.
* ગુર્જરભૂમિના એ ગૌરવવંતા સપૂતને પુષ્પાંજલિ.
* પૂ. મા સર્વેશ્વરીના પ્રાકટયદેવને શ્રદ્ધાંજલિ.
* ભાઈલાલમાંથી ભગવાન થનાર એ મહર્ષિને અને મારા સદ્‌ગુરુનાં શ્રી ચરણોમાં કોટિવંદન. મા જ્યોતિર્મયીના એ જ્યોતિર્ધરને કોટિપ્રણામ. હરિઃ ૐ



બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ ચ. મહેતા

## પત્ર પરિસંવાદ ૫–૬

મારાં પૂજ્ય અને પરમ સન્માનનીય મા.

આજરોજ સીસ્ટર પાસેથી મને બે પુસ્તકો અને એક પત્ર મળ્યાં છે. તે ધર્મક્ષેત્રમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યાં છે. એટલે તમારી પવિત્ર સંસ્થાની અને ખાસ કરીને તમારી પાસેથી પ્રાર્થનાઓ શિખવા ઇચ્છે છે. હું જોઉં છું કે તેઓ તેની ઉપર ઘણો મદાર બાંધે છે. મારી નમ્ર વિનતિ છે કે તમે તેને નિરાશ ન કરશો. ઈશ્વરને પ્રાર્થના કે કેવળ પ્રભુના પ્રેમ માટે તે પોતાનું આત્મ–સમર્પણ કરે. અને સંકલ્પબદ્ધ બને કે તેઓ સંપૂર્ણપણે તેની ભક્તિમાં લીન થઇ જાય. આમાંથી એક પુસ્તક હું તમને મોકલીશ. જે ઈશ્વર સાન્નિધ્યનું આલેખન કરે છે. મારા મતે સમગ્ર આધ્યાત્મિક જીવનને તે આવરી લે છે. જે કોઇ તેનો અભ્યાસ કરે તે અવશ્ય આધ્યાત્મિક પથ ઉપર અગ્રેસર થશે.

હું જાણું છું કે તેની સાચી સાધના માટે, હૃદય બીજી બધી સાંસારિક કામનાઓ રહિત તદ્દન ખાલી હોવું જોઇએ કારણ પ્રભુ પોતે એકલો જ તેમાં રહેવા માગે છે. અને તે હૃદય પૂરેપૂરું ખાલી કરી દીધા સિવાય તે તેમાં નિવાસ કરે નહિ, તેમ જ તે એકલો ન હોય તો ત્યાંથી ઇચ્છાનુસાર કોઇ કાર્ય કરવાનું પસંદ કરશે નહીં, સિવાય કે તે તેને માટે પૂરેપૂરું ખાલી કરી દેવામાં આવે.

ઈશ્વર સાથે નિરંતર સંવાદ કરવા જેવું દુનિયામાં બીજું કંઈ વધુ મધુર કે આનંદ–સભર નથી. તેનો અનુભવ તો માત્ર તેઓ જ કરી શકે જેઓ અભ્યાસ કરી તેનો જાતે અનુભવ કરે છે; તેમ છતાં માત્ર તે હેતુ નજર સમક્ષ રાખીને તેનો અભ્યાસ કરવા હું તમને સલાહ આપતો નથી, આ અભ્યાસમાં તેવો આનંદ મેળવવા ખાતર કરવો ઉચિત નથી; પરંતુ પ્રભુના પ્રેમ ખાતર જ તે કરાય તે ઈષ્ટ છે. અને જેથી તે આપણો સ્વીકાર કરે.

જો હું ધર્મ ઉપદેશક હોઉં તો બીજી બધી બાબતોની ઉપરવટ હું કેવળ ઈશ્વર–સાન્નિધ્યનો અભ્યાસ કરવાની જ ભલામણ કરૂં. અને જો હું ધર્મનિયામક હોઉં તો આખી દુનિયાને, સમગ્ર માનવજાતને તે માટે સલાહ આપું.

ઓહ! પ્રભુની કૃપા ને તેની મદદની સંસારમાં ડગલે પગલે કેવી જરૂર પડે છે તે માત્ર આપણે જાણતા હોત! તો આપણે કદિય તેને આપણી નજર આગળથી ખસવા દેત નહીં એક ક્ષણ માટે ય નહીં. હું તેને એટલી જરૂરી સમજું છું. મારું માનો. તત્કાલ એવો પવિત્ર ને પ્રબળ સંકલ્પ કરો, કદીય તેને ન ભૂલી જવાનો અને જીવનના તમારા શેષ દિવસો તેના સાન્નિધ્યમાં ગાળવાનો. તે ઈચ્છે તો, બધાં આશ્વાસનોનો, તેના પ્રેમ ખાતર, ત્યાગ કરીને.

આ કાર્યમાં તમારા હૃદયને પરોવી દ્યો. અને તમે જો તે કરશો, એટલે કે તે કરવું જ જોઈએ, તો નક્કી સમજજો કે જીવનમાં તેનો પ્રભાવ પડતો તમે અનુભવશો. મારી પ્રાર્થનાઓ ભલે રંક હોય તો ય હું તે વડે તમને મદદ કરીશ. તમારી અને મારી પવિત્ર ધર્મસંસ્થાનો તથા ખાસ કરીને તમારો–સદા પ્રભુ પ્રેમમાં મગ્ન



## પત્ર પરિસંવાદ ૬ ઠ્ઠો

મારાં પૂજ્ય પરમ સન્માનનીય મા.

તમે શ્રીમતી સાથે મારા માટે મોકલાવેલી વસ્તુઓ મને મળી ગઈ છે. મેં તમને જે નાની પુસ્તિકા મોકલેલી હતી અને જે તમને મળી જ હોવી જોઈએ તે વિષે તમારા વિચારો મને જણાવ્યા નથી.

હું કલ્પી જ શકતો નથી કે ધર્મક્ષેત્રની વ્યક્તિઓ ઈશ્વર સાન્નિધ્યની સાધના વિના કેવી રીતે જીવી શકે. મારી પોતાની વાત કરું તો હું સદા મારી જાતને તે મારા ચિદાકાશના કેન્દ્રમાં બિરાજીત રહે ને મારા સાન્નિધ્યમાં રહે તે માટે નિવૃત્ત, તૈયાર જ રહું છું. આવા વખતે હું નિર્ભય બની જાઉં છું, નિઃસંશય બની જાઉં છું. તેના સાન્નિધ્યનો અલ્પ અભાવ પણ મારા માટે અસહ્ય છે, તેવા સમયે હું નિરાધાર ન હોઉં, તેવું લાગે છે.

આ અભ્યાસથી શરીરને જરાય થકાવટનો અનુભવ થતો નથી. પરંતુ તેમાં નિર્દોષ અને ન્યાય સંગત હોય તેવા સાંસારિક આનંદો કેટલીકવાર અથવા વારંવાર જતા કરવા પડે છે, પોતાના સાન્નિધ્ય સિવાયના આનંદ માટે જ ઝંખતા ભક્તને પુનઃ પુનઃ પોતાની તરફ ખેંચી રાખવાની ભગવાનની આ કાળજીની જેટલી પ્રશંસા ને સ્તુતિ કરીએ તેટલી ઓછી છે. કારણ ભક્તના સંપૂર્ણ આત્મસમર્પણના સંકલ્પને ઝાંખો પાડે તે દિશામાં ભગવાન તેને જતાં વારે એ પૂરેપૂરું ન્યાયસંગત છે.

હું એમ કહેવા માગતો નથી તેટલા ખાતર આપણી જાત ઉપર કઠોર નિયમનો લાદવાં જોઈએ. ના. આપણે ભગવાનની સેવા પૂરેપૂરા મુક્ત ને પવિત્ર વાતાવરણમાં કરવાની છે, આપણે

નિષ્ઠાપૂર્વક આપણાં કર્તવ્યો સંપન્ન કરવાં જોઇએ. અને જેટલી વખત મન તેના સાન્નિધ્યથી બીજે ભટકવા લાગે ત્યારે તેને વિનય–વિવેકપૂર્વક અને શાંતિથી પાછું વાળવું જોઇએ.

આમ છતાં બીજી બધી ચિંતાઓ કરવાનું છોડી દઇને આપણે ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઇએ. કેટલીક ઉપાસના, પૂજાવિધિ સ્વયંમાં ગમે તેટલી સારી હોય, પણ કેટલીક વાર ભક્ત તેની ઉપર વધુ પડતો વિનાકારણ ઢળી પડે છે. તે દ્વારા પોતાના મુખ્ય પ્રેમાસ્પદ ને સાધ્ય ભગવાન છે તે ભૂલી જઇ તે તેની બાહ્ય વિધિવિધાનો–જે માત્ર સાધન છે તેની તરફ ખેંચાય જાય છે. આપણે પ્રભુની સાથેનું સાન્નિધ્ય ચાલું રાખવું, પ્રેમની ક્રીડાઓમાં ખંતપૂર્વક વળગી રહેવું જોઇએ. સ્તુતિ, ગુણગાન નામસ્મરણ કે મનનદ્વારા, ક્ષમાપ્રાર્થનાદ્વારા કે આત્મસમર્પણની માનસિક ભાવના કે આપણું મન જે નવી કેડીઓ કંડારી શકે તેની ઉપર આગળ વધીને.

સ્વભાવગત સંસ્કારોને કારણે પ્રતિકૂળતા કે અરુચિકર લાગે તોપણ તેને કારણે નાહિંમત ન થતાં, તમારે જરૂર પડયે તમારી જાત ઉપર થોડી સખ્ઞાઇ આચરવી પડશે. પહેલાં તો એવું ય લાગે કે બધો સમય નકામો ગયો પણ તમે આગેકૂચ કરવાનું ચાલુ જ રાખો. ગમે તેટલી મુશ્કેલીઓ આવે તોય મૃત્યુપર્યંત અડગ રહેવાનો સંકલ્પ કરો. તમારી ધર્મસંસ્થાની ઉન્નતિ માટે ને વિશેષે કરીને તમારા આત્મવિકાસ માટે મારા પ્રભુને સદા પ્રાર્થના કરવામાં મગ્ન એવો તમારો પુત્ર લોરેન્સ.



## * શમણાંની છીપમાં *

શમણાંની છીપમાં સાચુકલાં મોતી,
ગોતી ગોતીને હું તો થાકી રે;
આશા–નિરાશાને વમળે અમળાતાં
આખિર કેશ ગયા પાકી રે. શમણાંની છીપમાં.
રજસ્ તમસ્‌નાકોચલામાં કોચવાઇ,
લઘવાઇ, આણુથીયે ન્હાની;
ગુણોથી પર ઊઠી, ગુણાતીત થાવું
આતમ–સંપદ્ વિખરાણી;
આનંદ-સમાધિમાં અહર્નિશ સ્થિર થવું
સર્વ ગુણની બાદબાકી રે. શમણાંની છીપમાં.
આતમ–દીપને અજવાળે અજવાળે,
ટાળવાં તિમિર ઘનઘોર;
બારેય સૂરજના સામટા પ્રકાશથી
પ્રગટે સનાતન ભોર;
સચરાચર વ્યાપી, દશાંગુલ ડોલે,
અનિમેષ નેન રહે તાકી રે. શમણાંની છીપમાં.
આશા–નિરાશાને વમળે અમળાતાં
આખિર કેશ ગયા પાકી રે;
શમણાંની છીપમાં સાચુકલાં મોતી,
ગોતી ગોતીને હું તો થાકી રે. શમણાંની છીપમાં.

— ડૉ. રણજિત પટેલ (અનામી)

## * યોગેશ્વરની વાણી *

ગુરુ યોગેશ્વરની વાણી,
હરહમેશા યાદ કરી મન પીલે અમૃત જાણી!
ગુરુ યોગેશ્વરની વાણી!
સરવાણી છે મહાવાણી
એને વેદોયે તો વખાણી!
ઉકલે ઉરની સઘળી ગાંઠો
અનુભવની છે કહાણી!
હરહમેશા યાદ કરી મન પી લે અમૃત જાણી!...૧

ભૂખ્યાં જનની ભૂખ સંતોષે
તરસ્યાને પાય પાણી
વિખરાતા ધન વિષાદકેરાં
રગ રગ લેજો માણી!
હર હમેશા યાદ કરી મન પી લે અમૃત જાણી!...૨

— પરમાર્થી

## ના ઓળખી શક્યા

તમે સૂર્ય બનીને ઝળહળતાથી પ્રકાશ્યા છતાં અમે અંધારામાં રહ્યાં. તમે હેતવરસાવી મૂશળધાર વરસ્યા છતાં અમે તરસ્યા રહ્યાં. તમે સાગર બનીને પ્રેમની છોળો અને મમત્વનાં મોજાં પ્રસાર્યાં છતાં અમે કોરા રહ્યા. તમે ચંદન બની શિતળતા ધરી છતાં અમે દિલના દાહને શમાવી ના શક્યા. હે ભગવંત અમે આપને ના ઓળખી શક્યા.

સુરેશભાઈ શાહ



## * સાર્થક જીવન કીધું *

ધન્ય થયું મારું જીવન સાર્થક
મળી ગયા મને સંત
જેણે પ્રગટાવી અદકી ખુમારી
આણ્યો અજંપાનો અંત! ૧
સૂર્યોદય જાણે મધરાતે કીધો
ફૂંક્યો અનેરો મંત્ર!
સંજીવની જાણે એવી સૂંઘાડી
મ્હોરી ઊઠી વસંત! ૨
રસનાં સભર એવા પીણાં પીવડાવ્યાં
રસરાજા ભગવંત!
તેને ચરણે હૈયું આળોટે
માણે માધુરી અનંત! ૩

— પરમાર્થી

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.
ફોન : ૨૭૬૨૯
બહારગામના ચેક તથા ડ્રાફ્ટ કાઢી આપનાર
દીપક ટ્રેડલીંક
શ્રોફ એન્ડ કમીશન એજન્ટ
સ્વામીનારાયણ શેરી સામે, દાણાપીઠ, રાજકોટ–૧
સહયોગી પેઢી–દીપકકુમાર એન્ડ કું. ભાવનગર, ફોન : ૪૨૨૦૪૧, ૪૨૨૦૨૫
દીપક ફાઈનાન્સ, અમદાવાદ, ફોન : ૨૧૪૨૬૮૯, ૨૧૪૬૭૨૯
દીપક કોર્પોરેશન, મુંબઈ, ફોન : ૨૦૧૫૪૮૮, ૨૦૦૫૦–૧૬
દીપક એસોસીએશન, વડોદરા, ફોન : ૫૫૬૨૬૯

## સરદાર સરોવર યોજના

# ગુજરાતની સર્વોત્તમ આકાંક્ષા

સદીઓથી ગુજરાતીઓએ દેશદેશાવરમાં અનેક મુશ્કેલીઓ અને ઝંઝાવતો સામે સ્થાઇ થઇ તેમની સાહસિકતા અને શૌર્યનો પરચો આપ્યો છે. આઝાદીની લડાઇ હોય કે રાષ્ટ્ર માથે કોઇ આપત્તિ આવી હોય ત્યારે ગુજરાતે સર્વદા રાષ્ટ્રીય હિતો અને મૂલ્યોને પ્રિય ગણ્યાં છે.

આ પ્રજાનો તલસાટ છે દાયકાઓનો સરદાર સરોવર યોજનાને મૂર્તિમંદ કરવાનો કેમ કે આ યોજના ગુજરાતની જીવાદોરી છે અને રાષ્ટ્રના વિકાસની આધારશીલા છે. છેલ્લાં ૩૪ વર્ષ દરમ્યાનના ૧૧ કારમા દુષ્કાળે રાજ્યના પ્રત્યેક નાગરિકની અર્થવ્યવસ્થા છિન્નભિન્ન કરી નાંખેલી છે. કુદરતના આ પ્રકોપ સામે એક માત્ર ઇલાજ છે કુદરતી કૃપાનો ઢાલ સ્વરૂપે સ્વીકાર કરી નર્મદાનાં નીરને દરિયામાં જતાં અટકાવી સરદાર સરોવર યોજનાને સાકાર કરવાનો.

સરદાર સરોવર યોજના ૮૨૧૫ ગામડાં અને ૧૩૫ શહેરી વિસ્તારોના ૩ કરોડથી વધુ લોકોની તરસ છીપાવશે. ફ્લોરોસીસ જેવા પાણીજન્ય રોગ અને કારમા દુષ્કાળ સામે એકમાત્ર વિકલ્પ અને કાયમી ઇલાજ છે. સરદાર સરોવર યોજના.

વરસાદની અનિયમિતતાને કારણે નસીબ પર આધાર રાખતા લાખો ખેડૂતો માટે નર્મદા યોજના આશીર્વાદરૂપ સાબિત થશે. સરદાર સરોવર યોજના દ્વારા ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઇ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે, જેમાંના ૭૫ ટકા વિસ્તારો દુષ્કાળગ્રસ્ત છે.

ગુજરાતની સમૃદ્ધિ વધારવાની પ્રચંડ શક્તિ ધરાવતી નર્મદા યોજના ખરા અર્થમાં કામધેનુરૂપ સાબિત થશે.

આ યોજનાદ્વારા ૧૪૫૦ મેગવોટ વીજ ઉત્પાદન થશે, ને જેમાંથી ૧૬ ટકા હિસ્સો ગુજરાતને મળશે. આથી ગુજરાતની વિકાસયાત્રા હજુ પણ વધુ ઝડપી બનશે. આ વધારાનું વીજ ઉત્પાદન ગુજરાતમાં ઔદ્યોગીકરણનો અને રોજગારીનો વ્યાપ વધારવામાં મહત્ત્વનું પરિબળ બની રહેશે.

સમગ્ર વિશ્વમાં અપૂર્વ કહી શકાય તેવી સરદાર સરોવર યોજના ૭૦,૦૦૦ કિલોમીટર નહેરોનું વિક્રમસર્જક નેટવર્ક ધરાવે છે. આ યોજનાની ૪૬૦ કિલોમીટર લાંબી નહેર એક નદી જેટલું જળવહન કરશે.

## સરદાર સરોવર યોજના

નર્મદા યોજના ગુજરાતની સમગ્ર પ્રજાની આકાંક્ષાનું પ્રતીક છે. રાજ્ય સરકાર પ્રજાની આ આકાંક્ષાના પરિપૂર્ણ કરવા સતત પ્રયત્નશીલ છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના પાછળ અત્યાર સુધીમાં રૂા. ૪,૭૦૦ કરોડનો ખર્ચ થઇ ચૂક્યો છે અને યોજનાનો મુખ્ય બંધ ૮૦ ટકા જેટલો પરિપૂર્ણ થઇ ગયો છે.

ગુજરાત સરકારે નર્મદા યોજનાના વિસ્થાપિતોના પુનર્વસન માટે પણ સુગ્રથિત આયોજન કરીને તે દિશામાં ખૂબ ઝડપી પગલાં લીધાં છે. અત્યાર સુધીમાં મધ્યપ્રદેશનાં ૨,૫૫૪ કુટુંબો સહિત કુલ ૭,૫૮૫ થી પણ વધુ વિસ્થાપિત કુટુંબોના પુનર્વસનનું કામ પરિપૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

તાજેતરમાં વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે મળેલી બેઠકમાં બંધનું સ્થગિત થયેલું કામ પુનઃ શરૂ કરવા માટે મહત્ત્વનો નિર્ણય કરવામાં આવતા મુખ્ય બંધની ૪૫૫ ફૂટની ટ્રિબ્યુનલના ચુકાદા અનુસારની બુનિયાદી ડિઝાઇન અકબંધ રાખીને બંધનનું કામકાજ ૪૩૬ ફૂટની ઊંચાઇએ લઇ જવાની અનુમતી મળી છે. આથી હવે બંધની કામગીરી વધુ ઝડપી બનશે.

સરદાર સરોવર યોજના પરિપૂર્ણ કરવામાં રાજ્ય સરકારને લોકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓનો સક્રિય સહયોગ મળી રહ્યો છે. સૌરાષ્ટ્રની તરસી ધરતીને ડિસેમ્બર–૧૯૯૮ પહેલાં નર્મદાના નીર પહોંચાડી શકાય તે માટે મુખ્ય નહેર, શાખા નહેરો અને સ્ટક્ચર્સનાં કામો વિક્રમસર્જક ગતિએ આગળ વધી રહ્યાં છે.

માહિતી/વપન/૧૯૯૬/ગ. ૧૬/૧૯/૧ તા. ૧૪/૮/૯૬

## * ચાહું *

(ગઝલ)

છળકપટ રાજનીતિ રમી લે ભલે તું,
ન યશ–સત્તા–હું સ્વમાન ચાહું.

પરદોષ દેખી કદી શાંતિ મળે ક્યાં?
અલખ જોનારી હું નવી દૃષ્ટિ ચાહું.

પરોને પજવવા ઘણા શક્તિ ખર્ચે,
અહિંસા જીવન મુજ વણાયે જ ચાહું.

ન ચાહે જગત શીખ–હિંદુ–ઈસાઈ,
ઈન્સાન સાચા મળે એને હું ચાહું.

ભૂલાઈ ફરજ છે, મચ્યા શોર હકના,
ગીતા–કર્મ સમજાય હવે એ જ ચાહું.

અટવાયું જગત છે ધર્મ–જાતિ–પ્રદેશે,
ફેલાયે જગમાં સ્નેહ–સૌરભ હું ચાહું.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



### ગુરુદેવના આશીર્વાદ વિના

# ના ચાલે, શા માટે?

પંન્યાસ રત્નસુંદરવિજય ગણિ

તમારા ૨૭ મા સાલમાં આત્મિક દૃષ્ટિએ સર્વતોમુખી વિજય થાઓ એ જ શુભાશીષ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

ચૈત્ર વદ ૧૩ ના પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ કરેલ સ્વર્ગગમન પૂર્વે માત્ર ત્રણ દિવસ પહેલાં એટલે કે ચૈત્ર વ. ૧૦ ના દિવસે સ્વહસ્તાક્ષરમાં મને આપેલ શુભાશિષ.

* * *

ક્યાં જરૂર છે વિદ્યાર્થીને પરીક્ષમાં પાસ થવા માટે શિક્ષકના આશીર્વાદની? ક્યાં જરૂર છે પૈસા કમાવા માટેની મહેનતમાં સફળ બનવા માટે વેપારીને વડીલના આશીર્વાદની? ક્યાં જરૂર છે નોકરીનો પગાર મેળવવા માટે નોકરને બોસના આશીર્વાદની? ક્યાં જરૂર છે ઓલિમ્પિક ચેમ્પિયન બનવા માટે રમતવીરને પોતાના કોચના આશીર્વાદની? પણ સાધનાના માર્ગે પ્રયાણ કરતા સાધકને એ માર્ગ પર ટકી રહેવા માટે, એ માર્ગના મીઠા પરિણામને અનુભવવા માટે પોતાના ગુરુદેવના આશીર્વાદ વિના એક પળ પણ ચાલે તેમ નથી.

કારણ છે આની પાછળ! વિદ્યાર્થી–શિક્ષક વચ્ચેનો સંબંધ બૌદ્ધિક છે... નોકર–શેઠ વચ્ચેનો કે રમતવીર–કોચ વચ્ચેનો સંબંધ વ્યવસાયિક છે... અરે, મિત્ર–મિત્ર વચ્ચેનો સંબંધ પણ માનસિક છે તો મા–દીકરા વચ્ચેનો સંબંધ શારીરિક છે પણ ગુરુશિષ્ય વચ્ચેનો સંબંધ તો આત્મિક છે.

બુદ્ધિના સ્તર પર સફળતા મળે છે મહેનતના જોરે.. સંપત્તિના ક્ષેત્રે સફળતા મળે છે પુણ્ય અને પુરુષાર્થના જોરે... મનને બહેલાવવાના ક્ષેત્રે સફળતા મળે છે સ્વાર્થના ભોગે... શરીરને તંદુરસ્ત રાખવામાં સફળતા મળે છે ઉપકારીના અનુગ્રહના જોરે, ઉપકારીની કૃપાવર્ષાના જોરે, ઉપકારીની આશિષના જોરે.

ભલે મિત્ર જિગરજાન કહેવાતો હોય, એની સાથેનો સંબંધ ગમે તેટલો જોરદાર દેખાતો હોય તોય મનનો છે. ગમે ત્યારે એ તૂટી શકે છે. જેવું ચંચળ છે મન, એવો જ ચંચળ છે આ મનના માધ્યમથી બંધાતો સંબંધ!

ભલે મા પ્રત્યે હૃદયમાં પ્રચંડ સદ્ભાવ હોય, એની સાથેનો સંબંધ ગમે તેટલો લાગણીભર્યો દેખાતો હોય તોય એ સંબંધ શરીરનો છે. જ્યાંસુધી આ શરીરમાં પ્રાણ છે ત્યાંસુધી એ સંબંધ કદાચ અકબંધ છે પણ જ્યાં હંસલો ઊડયો આ પિંજરમાંથી, એ સંબંધ ખલાસ. એ સંબંધ પર કાયમ માટે પૂર્ણવિરામ.

પણ ગુરુ સાથેનો સંબંધ તો આત્મિક છે. એમણે ઓળખ કરાવી છે પરમાત્માની... સાચી સમજ આપી છે આત્મસ્વરૂપની... ભયંકરતા સમજાવી છે કષાયોની... નિરસતા અને વિરસતા સમજાવી છે વાસનાની... દુર્ગતિઓના દરવાજે તાળાં લાગી જાય એવી આપી છે હિતશિક્ષાઓ... ક્યારેય સંસાર યાદ આવી ન જાય એવા આપ્યા છે પ્રેમ અને વાત્સલ્ય... પાપથી આત્માને બચાવી લેવા દુ:ખ વેઠવાનું ય શીખવાડયું છે એમણે... સુસંસ્કારોની મૂડીને આત્મસાત્ કરવા માટે મન સામે સફળ બળવો કરતાંય શીખવાડયું છે એમણે, અને એટલે જ શિષ્યના પક્ષે આ સંબંધ માત્ર આ ભવ પૂરતો જ નથી ચાલતો ભવોભવ સુધી ચાલે છે.

મિત્રના ઉપકારનો બદલો તો એને કંઈક ભેટ આપવાદ્વારાય



વાળી શકાય છે. માતાના ઉપકારનો બદલો તો જિંદગીની છેલ્લી પળસુધી એને શાતા અને સમાધિ આપવાદ્વારાય વાળી શકાય છે પણ ધર્મનું દાન કરનાર ગુરુદેવનો ઉપકાર તો કોઈ પણ રીતે અનંતકાળેય વાળી શકાય તેમ નથી.

બસ, આ જ કારણે શિષ્ય સતત ઝંખતો હોય છે પોતાના ગુરુદેવના શુભાશિષ. એ સતત ઈચ્છતો હોય છે એ તારકશ્રીની કૃપાવર્ષા... એ સતત જોવા ઈચ્છતો હોય છે ગુરુદેવશ્રીની પોતાના પર પડતી અમી નજર!

આવી જ કો'ક ઝંખના અને તડપનમાં અટવાયેલા મેં ચૈત્ર વ. ૨ ના રોજ સંયમજીવનના ૨૭ મા વરસમાં મારા થતા પ્રવેશ પ્રસંગે તેઓશ્રી પાસે શુભાશિષની યાચના કરતો એક પત્ર તેઓશ્રી પર લખેલો. એ તારકશ્રીએ પોતાની નાદુરસ્ત તબિયત છતાં ચૈત્ર વદ ૧૦ ના રોજ પોતાના જ હસ્તાક્ષરમાં મારા પર એ પત્રનો જવાબ લખ્યો પણ વિધિની વક્રતા જુઓ કે એ પત્ર નવસારી–બોર્ડિંગના ઉપાશ્રયમાં જ્યારે મારા હાથમાં આવ્યો ત્યારે એ આશિષની હેલી વરસાવતા હાથ કાયમ માટે સ્થગિત થઈ ચૂક્યાના સમાચાર મારી પાસે આવી ગયા હતા. એ પત્ર મારા હાથમાં હતો અને આંસુ આંખમાં હતાં... એ પત્ર જે કવરમાં આવ્યો એ ફાટેલું કવર ટેબલ પર પડયું હતું અને હૈયું આક્રન્દના ભારથી ફાટી પડયું હતું... આશિષદાનના એ હસ્તાક્ષરોમાં પૂજ્યશ્રીનો સદાય હસતો ચહેરો મને દેખાતો હતો અને એ હસતા ચહેરા પાસે મારા સંયમ જીવનની વિશુદ્ધિ માટે પળપળ ચિંતા સેવતી મારી ભવોભવની મા મને રડતો મૂકીને શી રીતે જઈ શકી, એ વ્યથાનો જવાબ મેળવવાની મારી ઝંખના મેં પ્રગટ કરી હતી જે આજ સુધી સફળ નથી બની. રે કમભાગ્ય! □

# જ્ઞાન–વિજ્ઞાન

યોગેશ્વર

શ્રીમદ્ ભગવદ્ગીતાના સાતમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે–

જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમિદં વક્ષ્યામ્યશેષતઃ।
યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્જ્ઞાતવ્યમવશિષ્યતે॥

વળી નવમા અધ્યાયના આરંભમાં પણ કહ્યું છે કેઃ–

જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વામોક્ષ્યસેઽશુભાત્.

'હે અર્જુન, એ જ્ઞાન હું તને વિજ્ઞાનની સાથે પૂરેપૂરું કહી બતાવું છું. એ જાણી લીધા પછી આ જગતમાં બીજું જાણવા જેવું કશું જ નહિ રહે. જ્ઞાન અને વિજ્ઞાનને બરાબર જાણવાથી અશુભમાંથી છૂટી શકીશ.'

ઉપનિષદ પણ કહે છે કે :

તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત.

'એ પરમાત્માના વિજ્ઞાન માટે ગુરુની પાસે જવું.'

જ્ઞાન અને વિજ્ઞાન બંને શબ્દોનો પ્રયોગ એવી રીતે ગીતા તથા ઉપનિષદે પોતાની આગવી શૈલીમાં કરી બતાવ્યો છે. એક જ્ઞાન છે અને બીજું વિજ્ઞાન–એટલે કે વિશેષ જ્ઞાન છે. વિશેષ જ્ઞાન એટલે અનુભવસિદ્ધ જ્ઞાન. માણસ સ્વતંત્ર ચિંતન–મનન તથા શાસ્ત્રાધ્યનને પરિણામે જે જ્ઞાન મેળવે છે તેને કેવળ જ્ઞાન કહેવામાં આવે છે. એને એક પ્રકારની બૌદ્ધિક માહિતી, પંડિતાઈ કે વિદ્વત્તા પણ કહી શકાય. એ જ્ઞાન બુદ્ધિ અથવા મગજમાં કેદ



થઈ રહેવાને બદલે જીવનના વ્યવહારમાં સાકાર બને અથવા માણસના રોજબરોજના અનુભવનું અવિભાજ્ય અંગ બને, એના લોહીમાં, ધમનીના ધડકારમાં કે શ્વાસોચ્છ્વાસમાં ભળી જાય અને જીવન સાથે સંમિશ્રિત થાય ત્યારે વિજ્ઞાન બને છે. વિજ્ઞાન એટલે સાક્ષાત્કાર કરાયેલું અનુભવ જ્ઞાન. એ બંનેમાં આસમાન–જમીન-નો તફાવત છે. જો માણસ જ્ઞાન મેળવીને અટકી જાય છે અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ નથી કરતો તો તેને જરૂરી શાંતિ નથી મળતી. એના જીવનમાં સંવાદિતાની સ્થાપના નથી થતી. એના મનની શુભાશુભ વૃત્તિના ગજગ્રાહનો અંત નથી આવતો. અને એનું ઘર્ષણ નથી ટળતું. વિદ્વતા, પંડિતાઈ કે બૌદ્ધિક પ્રતિભાથી એ બીજાને ચકિત કરી કે આંજી શકે છે ખરો, જીવનમાં અમુક જાતનો આનંદ પણ અનુભવી શકે છે, પરંતુ એથી આગળ વધીને જીવન અને આદર્શજીવન જીવ્યાનો સાચો સંતોષ નથી મેળવી શકાતો. જીવનની અલ્પતા, પરવશતા, મલિનતા અને વૃદ્ધાવસ્થા-માંથી મુક્તિ મેળવવાનું કામ એને માટે આકાશ–કુસુમ સમાન અશક્ય બની જાય છે. એ જીવનની સફળતાનો ઉત્સવ નથી કરી શકતો. એટલા માટે જ જ્ઞાન મેળવીને બેસી રહેવાને બદલે માણસ વિજ્ઞાની બને અથવા અનુભવજ્ઞાનમાં પ્રતિષ્ઠિત થાય ને એ જ્ઞાનને આચારમાં ઉતારે એ અત્યંત આવશ્યક છે.

ભારતીય સંસ્કૃતિએ એના ઉષઃકાળથી જ એ વિચારને વહેતો કર્યો છે. એને સમજવા માટે ઉપનિષદમાં આવતા એક પ્રસંગ પર દૃષ્ટિપાત કરી જઈએ. એ પ્રસંગના પ્રારંભમાં જ કહેવામાં આવ્યું છે કે, એક વાર નારદજી સનત્કુમાર ઋષિ પાસે પહોંચી ગયા અને કહેવા માંડયા કે, 'ભગવન્, મને જ્ઞાન આપો. મારી પાસે જે જ્ઞાન છે તેથી મને શાંતિ નથી.'

સનત્કુમારે પૂછ્યું કે, 'તમે અત્યાર સુધી કઇ જાતનું ને કેટલું જ્ઞાન મેળવ્યું છે?'

નારદજી બોલ્યા કે, 'હું ચારે વેદ જાણું છું. દર્શનશાસ્રો પણ જાણું છું. એ ઉપરાંત નક્ષત્રવિદ્યા, જ્યોતિષવિદ્યા, ખગોળશાસ્ત્ર, ઇતિહાસ, સર્પવિદ્યા, નૃત્ય, શિલ્પ, સંગીત, વનસ્પતિશાસ્ત્ર, ભૂસ્તર-વિદ્યા, બધામાં મેં પ્રવીણતા પ્રાપ્ત કરી છે. વિદ્યાની એવી એકે શાખા–પ્રશાખા નથી કે જેમાં મારો પ્રવેશ ના હોય. એ બધું હોવા છતાં મારા અંતરની અશાંતિ નથી મટી. એ અશાંતિની જ્વાળા શી રીતે શાંત થાય તે મને નથી સમજાતું. માટે જ હું તમારી પાસે આવી પહોંચ્યો છું.'

સનત્કુમારે સ્મિત કરીને કહ્યું કે, 'તમે જે વિદ્યાની ગણતરી કરી બતાવી તે તો અપરાવિદ્યા અથવા સાધારણ વિદ્યા છે. એમાં પરાવિદ્યા અથવા સર્વશ્રેષ્ઠ વિદ્યાનો સમાવેશ નથી થતો. પરા અને અપરા બંને વિદ્યાઓ જાણવા જેવી છે, પરંતુ શાંતિની પ્રાપ્તિ તો માત્ર પરાવિદ્યાથી જ થઇ શકે છે. અપરાવિદ્યાથી નથી થતી. પરાવિદ્યા એટલે આત્મવિદ્યા–આત્માનુભૂતિ. અથવા તો પર-માત્માનો પ્રત્યક્ષ પરિચય કે સાક્ષાત્કાર. **'येन तदक्षरमधिगम्यते।'** જેની મદદથી અવિનાશી પરમાત્માનો પરિચય કરી શકાય તે વિદ્યા અથવા સાધના. એ સાધનામાં તમે કાચા છો. તમે તો કેવળ શાસ્રજ્ઞાન ને લૌકિક જ્ઞાન જ મેળવ્યું છે. પરંતુ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને, જીવનને નિર્મળ કરીને, આત્માના સાક્ષાત્કારને માટે એકધારી, ચોક્કસ, સતત સાધના નથી કરી. એવી સાધનામાં લાગી જાઓ તો સનાતન શાંતિનો અનુભવ જરૂર થશે.'



સનત્કુમારની સૂચના પ્રમાણે કહે છે કે નારદજીએ સાધના-પરાયણ થઇને શાંતિ મેળવી લીધી. એ જ્ઞાની તો હતા જ, પણ હવે વિજ્ઞાની બન્યા, ને કૃતાર્થ થઇને વિચરણ કરવા લાગ્યા.

આપણી વર્તમાન પ્રજાને માટે એ નાનકડા પ્રસંગમાં ઘણો મોટો બોધપાઠ સમાયેલો છે. આપણે ત્યાં જ્ઞાનની કેટલીય શાખા-પ્રશાખાઓ ખૂલતી જાય છે, વિદ્યાનાં વિવિધ ક્ષેત્રો ખેડાતાં જાય છે, બહારનું જ્ઞાન વધતું જાય છે, અને માણસ માહિતીના ભંડાર કે કેન્દ્ર જેવો બનતો જાય છે. ધર્મ તથા તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું અધ્યયન અથવા ચિંતન–મનન પણ ઓછું નથી થતું. પુસ્તકો, પુસ્તકાલયો, કથા–કીર્તનો, સંમેલનો ને સત્સંગો દ્વારા પણ જ્ઞાનનું વિતરણ થતું જાય છે. છતાં પણ માણસના મનમાં શાંતિ નથી, સંવાદ નથી, સ્થિરતા નથી અને એના જીવનમાં પણ ઘર્ષણ, ગડમથલ, કટુતા, સ્વાર્થ, લોલુપતા, વાસના અને અશાંતિ છે. એ બધું તો ઠીક, પણ સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવન-માં પશુતાની સ્મૃતિ કરાવનારી અને પશુને પણ શરમાવનારી કેટલીક મલિન અપ્રામાણિક પદ્ધતિઓનો આશ્રય લેવાય છે અને કેટલાંય દૂષણોનું દર્શન થાય છે ત્યારે ઘડીભરને માટે પ્રશ્ન થાય છે કે એનું કારણ શું?

એનાં બીજાં કારણો ગમે તે હોઇ શકે, પરંતુ એક મોટું કારણ એ પણ છે કે સંસારમાં જ્ઞાન વધતું જાય છે, પરંતુ વિજ્ઞાન નથી વધતું. વિચાર ને આચાર અથવા આદર્શ ને વ્યવહારની એકવાક્યતાનો અભાવ છે. માણસ જેને સત્ય, શુભ કે શ્રેયસ્કર સમજે છે એને કાયમ માટે આચરણમાં નથી ઊતારી શકતો, એનો વ્યવહારમાં અનુવાદ નથી કરી શકતો. એની પાસે જે જ્ઞાન છે તે એના જીવનને જ્યોતિર્મય કરવા અને એને સુખશાંતિ

આપવા માટે પૂરતું છે. પરંતુ એ જ્ઞાનનો અમલ કરવામાં એક યા બીજા કારણે એ પાછો પડે છે. મહાભારતના દુર્યોધનની જેમ એ ધર્મને જાણે છે, પરંતુ એમાં એની પ્રવૃત્તિ નથી. અધર્મ શું છે અથવા શું નથી કરવા જેવું અથવા અહિતકર છે એ પણ સમજે છે, છતાં એમાંથી નિવૃત્ત નથી થઇ શકતો. વિચાર અને આચાર વચ્ચેની આ મોટી ખાઇ, આદર્શ અને વ્યવહાર વચ્ચેનું આ મોટું અંતર અને એના પરિણામે પેદા થયેલો કાયમનો ગજગ્રાહ આજના બુદ્ધિમાન માનવના જીવનની એક સમશ્યા છે. એનો ઉકેલ ના થાય ત્યાં સુધી શાંતિ નહિ મળી શકે. મનની શાંતિ માટે બહુ મોટી વિદ્વત્તા, પંડિતાઇ, બૌદ્ધિક પ્રતિભા કે તર્કશક્તિ નથી જોઇતી. જે થોડું જ્ઞાન આપણી પાસે છે તે પર્યાપ્ત છે. પરંતુ એ જ્ઞાન આપણા જીવનમાં ઊતરે એ આવશ્યક છે. એને માટે જેટલો પણ પ્રયાસ થાય એટલો ઓછો અને આશીર્વાદરૂપ છે.

ક્રોધ કરવો ખરાબ છે અને ક્રોધ કરવાથી નુકશાન થાય છે એ આપણે જાણીએ છીએ, છતાં પણ ક્રોધ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે આપણું એ જ્ઞાન પલાયન થઇ જાય છે. કામવાસના, અભિમાન, રાગ અને દ્વેષ પણ ઠીક નથી, એની આપણને ખબર હોય છે. છતાં એના સકંજામાંથી છૂટવાનો પ્રાથમિક પ્રયાસ ભાગ્યે જ કરવામાં રે છે. કુકર્મોના શિકાર પણ કેટલાય લોકો બનતા જ જાય છે. માનવજીવન ઘણું મૂલ્યવાન છે, પળેપળે પસાર થઇ રહ્યું છે. અને એક દિવસ એના પર કામચલાઉ પડદો પડી જશે, એ જાણવા છતાં પણ એ જ્ઞાનનો ઉપયોગ કરીને જીવનમાં વધારે ને વધારે વિશુદ્ધ, સેવાભાવી અને ઈશ્વરપરાયણ બનવાના પરિશ્રમ થોડાક જ કરતા હોય છે. બીજાને ઉપદેશ આપવામાં, પ્રવચન કરવામાં ને લખવામાં માણસોની કુશળતા સહેલાઇથી દેખાઇ આવે છે. એમાં એ જરાક પણ પાછા નથી પડતા. પરંતુ એ જ



ઉપદેશોનો કે આદર્શોનો અમલ કરવાનો વખત આવે ત્યારે પંગુ સાબિત થાય છે. અનુભૂતિ સિવાયની એવી સમજ કોઇનુંયે કલ્યાણ નથી કરી શકતી.

શ્વેતકેતુ વિદ્યા પ્રાપ્ત કરીને પોતાના પિતા ઉદ્દાલકની પાસે આવ્યો ત્યારે એના મુખ પર અહંકાર હતો. પિતાને થયું કે શ્વેતકેતુની વિદ્યા કાચી છે, નહિ તો એ અહંકારી બનવાને બદલે નમ્ર બની જાત. ઉદ્દાલકે એને પૂછ્યું કે, '**यज्ज्ञात्वा सर्वमिदं विज्ञातं भवति।**' જે જાણવાથી સર્વ કાંઇ જાણી શકાય છે તે તેં જાણ્યું?

શ્વેતકેતુએ કહ્યું કે, 'એ જ્ઞાન તો મને નથી મળ્યું.'

ઉદ્દાલકે એને વડનો ટેટો લાવવાની આજ્ઞા કરી.

એ ટેટાને શ્વેતકેતુ પાસે તોડાવીને ઉદ્દાલકે પૂછ્યું કે, 'તારી પાસે શું છે?'

શ્વેતકેતુએ કહ્યું કે, 'અત્યંત સૂક્ષ્મ એવું બીજ છે.'

ઉદ્દાલકે કહ્યું, 'એ બીજમાંથી વિશાળ વટવૃક્ષનું નિર્માણ થઇ શકે તેમ છે. એટલે એ બીજમાં વૃક્ષ રહેલું છે તે તું જાણે છે?'

શ્વેતકેતુએ કહ્યું, 'હા.'

એટલે ઉદ્દાલકે આગળ કહ્યું કે, 'એવી જ રીતે પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થયું છે. એ પરમાત્મા અવિનાશી છે.'

શ્વેતકેતુ પાસે ઉદ્દાલકે પાણીનું પાત્ર મંગાવ્યું, અને એમાં મીઠાનો ગાંગડો નાંખવા કહ્યું.

બીજે દિવસે એ પાત્ર પાછું મંગાવ્યું ને પૂછ્યું, 'મીઠાનો ગાંગડો ક્યાં ગયો?'

'ઓગળી ગયો.' શ્વેતકેતુએ ઉત્તર આપ્યો.

'હવે પાણીને ઉપરથી ચાખીને કહે કે કેવું લાગે છે?'

'ખારું લાગે છે.'

'વચ્ચેથી?'

'વચ્ચેથી પણ ખારું છે.'

'નીચેથી?'

'નીચેથી પણ ખારું છે.'

'એના પરથી ખાતરીપૂર્વક સમજાય છે કે મીઠું પાણીમાં મળીને એકાકાર થઈ ગયું છે. એવી રીતે પરમાત્મા પણ સંસારમાં સર્વત્ર છે. સંસારમાં જે પ્રેમ, શાંતિ, સત્ય છે એ એમનાં જ છે. એ પરમાત્માને જાણવાથી બીજું બધું જ જાણી શકાય છે.'

પુત્રનો અહંકાર ઓગળી ગયો. પરમાત્માને ઓળખીને એ વધારે નમ્ર બન્યો.

ઉપનિષદ એ ઉદાહરણદ્વારા કહેવા માગે છે કે વિજ્ઞાન માનવને નમ્રાતિનમ્ર બનાવી દે છે.

જ્ઞાનની પ્રાપ્તિ કરવાથી બૌદ્ધિક સમાધાન મળી શકશે, પરંતુ જીવનું શ્રેય તો વિજ્ઞાનથી જ થઈ શકશે. માટે જ્ઞાન અને વિજ્ઞાન-નો સમન્વય કરવાની આવશ્યકતા છે. વિજ્ઞાનદ્વારા પરમાત્માનો પોતાની અંદર અને બહાર બધે જ અનુભવ થવાને લીધે જીવન-માં ક્રાંતિ થશે. સૌ પર પ્રેમ થશે, એમાં સુખ અને સૌની શાંતિની વૃત્તિ અને પ્રવૃત્તિ થશે, તથા રાગદ્વેષ, અહંતા, મમતા અને આસક્તિનો અંત આવી, સમસ્ત જીવન જ્યોતિર્મય, પવિત્ર, પાર-દર્શક અને પ્રભુમય બની જશે. જીવનની એવી કૃતકૃત્યતા તથા વ્યાવહારિક સફળતાને માટે પણ વિજ્ઞાનની આવશ્યકતા છે. જ્ઞાનનું લક્ષ્ય એ જ હોવું ઘટે. આજે આપણે ચારિત્ર્યનિર્માણને મહત્ત્વનું



માનીએ છીએ ત્યારે જ્ઞાનની સાથે વિજ્ઞાનનો આદર પણ કરવો પડશે. પ્રજા બાહ્ય વિકાસની દૃષ્ટિએ ગમે તેટલી આગળ વધે પણ જો ચારિત્ર્યની દૃષ્ટિએ પછાત હોય તો શક્તિશાળી નથી બની શકતી અને એની સમૃદ્ધિ પણ કાયમને માટે ટકીને એને તથા બીજાને માટે આશીર્વાદરૂપ નથી થતી.

જ્ઞાન, ભક્તિ, યોગ ને કર્મ એ ચારે સાધનમાર્ગમાં વિજ્ઞાન એટલે કે વિશેષ અનુભવજ્ઞાનનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. યોગમાં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધારણા પછી ધ્યાન અને સમાધિ મારફત પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરવાનો આદેશ અપાયેલો છે. જ્ઞાનમાર્ગમાં વિવેકાદિ ષટ્સંપત્તિની પ્રાપ્તિ કરી, સદ્ગુરુદ્વારા પરમાત્મતત્ત્વનો ઉપદેશ ગ્રહણ કરી, એકાંત–સેવન-દ્વારા સાધનાપરાયણ બનીને એ પરમાત્માનો પોતાની અંદર અને બહાર બધે સાક્ષાત્કાર કરવાનો સ્વીકાર કરાયેલો છે.

ભક્તિમાં પણ કેવળ બહારની ઉપાસનામાં ઈતિકર્તવ્યતા માનીને બેસી રહેવાને બદલે એ ઉપાસનાનો આધાર લઈ, આગળ વધી, છેવટે ઈશ્વરને માટેનો પરમપ્રેમ પેદા કરી, ઈશ્વરનું દર્શન કરવાનું છે. અને કર્મમાર્ગમાં પણ કર્મોનાં અનુષ્ઠાનથી ઉત્તરોત્તર હૃદયશુદ્ધિ સાધતા રહી, સૌના હિતમાં રત રહી, હૃદયમાં ઈશ્વરાનુગ્રહને લીધે જાગેલી જ્ઞાનજ્યોતિની મદદથી ચરાચરમાં રહેલા પરમાત્માનો અનુભવ કરવાનો છે. જીવનવિકાસના એ ચાર માર્ગોમાંથી કોઈયે માર્ગ બાહ્યજ્ઞાન પ્રાપ્ત કરીને બેસી રહેવાનો આદેશ નથી આપતો. એ ચારે માર્ગો માણસને જ્ઞાનમાંથી વિજ્ઞાનમાં પ્રવેશવાની સૂચના કરે છે. ઉપનિષદ તો સાફ શબ્દોમાં કહે છે કે–

'નાયમાત્મા પ્રવચનેન લભ્યો,
ન મેધયા ન બહુના શ્રુતેન.'

પરમાત્માની પ્રાપ્તિ નથી પ્રવચનોથી થતી, નથી બુદ્ધિથી થતી, કે નથી ઘણું સાંભળવાથી થતી. એને માટે તો વિશેષ જ્ઞાન અથવા અનુભૂતિના પ્રદેશમાં જ પ્રવેશવું પડે છે.

**સુવાક્ય**

જીવનમાં સત્તા, ધન, પદ, પ્રતિષ્ઠા અને શરીર-સુખની લિપ્સા જેવાં બીજા પ્રલોભનો આવે છે તેને વશ થનાર માણસ પરાજિત અને અનિષ્ટકારક તત્ત્વો-નો ગુલામ બને છે. યોગેશ્વરજી

ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઈલ એન્જીન મશીન
તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના
સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી
સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ
* જયંતીલાલ મોહનલાલ દઢાણીયા *
ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩-૨૪૫૯/૨૦૬૭



# સુરપાણેશ્વરની સ્વપ્નયાત્રા

લાલજી મહારાજ

પૂજ્યશ્રી રંગ અવધૂત ભગવાને આજ્ઞા કરી તે રીતથી ભગવદ્ભજનની શ્રીસદ્ગુરુ રામની કૃપા અનુસાર શરૂઆત કરી. હવે શ્રીસદ્ગુરુ રામ જેવી મતિગતિ અને શક્તિ આપશે તેટલું કામ બનશે બાકી રહેશે તે પોતે પૂરું માની લેશે, કેમ કે બળબુદ્ધિના સ્વામી શ્રી રામ ગુરુ છે; લાલુ તો તેઓશ્રીનો ફેરવ્યો ફરનાર ભમરડા જેવો છે.

સત્યં પરં ધીમહિ। શ્રી ગુરુ કૃપા હિ કેવલમ્।

શ્રી નારેશ્વર આશ્રમે પૂજ્યશ્રીના સત્સંગ વખતે મને ૧૨ વર્ષ એક જ સ્થાને રહેવાની આજ્ઞા પછી પોતે જ બોલ્યા છે કે સૂર-પાણની ઝાડી નર્મદાયાત્રા વખતે બાકી રહી ગઇ છે તો તે પણ દેવકૃપાથી જોવાનો સમય તમને મળી આવશે. આ શબ્દો ગૂઢ અને માર્મિક હોવાથી લાલુ તે મહાપુરુષના વચનોને કે મહિમાને સમજી શક્યો નહિ.

તે બાદ સંવત્ ૨૦૨૦ના જેઠ સુદ ૧૫ ના રોજ બરાબર ૧૫ દિવસ બાદ લાલુને રાત્રે સ્વપ્નું આવ્યું. હું અરણ્યવનમાં કોઇ સંતપુરુષના દર્શનની ભાવનાથી પર્વતો વૃક્ષોમાં આમતેમ જોતો હતો. મહાન પર્વતો અને મોટાં વૃક્ષો નવપલ્લવે નવનીત આનંદ ઉપજાવતાં લાલુને દેખાવા લાગ્યાં. મંદ મંદ શીતળ વાયુ વાતો હતો. ચારે તરફનું સૌંદર્ય જોઇ મન શાંત થયું.

લાલુના મનમાં વારંવાર એ જ ભાવો ઉછાળા મારતા હતા કે આવા વનમાં કોઇ સંતરાજ મળે તો ભગવદ્ભાવમાં કેવી અભિ-

વૃદ્ધિ થાય. દૂધમાં સાકર ભળવા જેવો યોગ મનાય તેવી ભાવના લાલુ સેવે છે ત્યાં તો દૈવયોગે એક પર્વતની પડખેની ખીણમાંથી નવપલ્લવિત લતાઓમાં ૐ ૐ ૐકારનો ધ્વનિ લાલુએ ત્રણવાર સાંભળ્યો! દિલ હરખાયું કે અહીં કોઈ સંતરાજ છે. તેઓશ્રી ક્યાં છે, કેવા છે એ અધીરા ભાવે, ૐકારના ધ્વનિને લક્ષમાં લઈને આમતેમ જોતો જોતો લાલુ એક તરફ ચાલતો હતો. ત્યાં નવપલ્લવિત લતાઓ વચ્ચે પથ્થરની એક ચટ્ટાન ઉપર પદ્માસને પરમ આનંદના સાગર પ. પૂ. રંગ અવધૂત ભગવાન બિરાજમાન હતા. દર્શન થતાં જ મંગળમય આનંદ થયો. આમ છતાં માનવસ્વભાવ મુજબ શંકા થવા લાગી કે આવા ગીચ પર્વતો અને વૃક્ષોમાં પૂ. શ્રી રંગ ભગવાન ચાલીને આવે એવું તો એમનું શરીર નથી, પણ તેમના જેવા કોઈ બીજા સંત હશે તેમ ભાવના કરતો તેઓશ્રીની નજીક જઈને વંદન કરીને દર્શન કર્યાં તો પોતે શ્રી પૂજ્ય રંગ અવધૂત ભગવાન જ બિરાજમાન હતા. આવા વિકટ જંગલમાં ક્યાંથી પધાર્યા અને હવે કઈ બાજુ વિચરવા ચાહો છો? આવા વિકટ ભયાનક જંગલમાં આપશ્રી ભગવાનનાં દર્શનનો લાભ મને થયો તેથી અનેરો આનંદ થયો. જાણે કે મારા માટે જ આપશ્રી અહીં પ્રગટ થયા છો, વાહ! પ્રભુ વાહ! આપશ્રી તો અંતર્યામી છો. હું આ વનમાં સંતદર્શનની ભાવના સેવતો હતો."

પૂજ્યશ્રી રંગ અવધૂત ભગવાન પ્રેમભાવથી સામે જોઈને વહાલથી બોલ્યા કે, 'લાલજી મહારાજ આવો; બે ઘડી વિશ્રાંતિ લો. અહીં હું કેમ આવ્યો છું તે વિષે તમે મને પૂછો છો. પ્રથમ એક વાર તમે કહેલું કે મારે શ્રી નર્મદા–પરિક્રમા કરતી વખતે બહેનો સાથે હોવાથી અમોને સૂરપાણની ઝાડીમાં બંને તટે જવાનું નથી મળ્યું ને ઉપરના રસ્તેથી આવ્યા જેથી મન દુભાય છે.'



## સ્વપ્ન વિષે સૂરપાણમાં શ્રીરંગમિલન

ત્યારે મેં તમને કહેલું કે એટલો ભાગ પણ શ્રી નર્મદા મૈયાની કૃપા હશે તો જોવાનો યોગ મળી આવશે. તે વાત તમને ન સમજાતાં ગૂંચવણમાં મૂકાયા પણ હશો; પણ ભગવાને આજે તેટલા સૂરપાણની ઝાડીના બંને કિનારા જોવાનો યોગ આપ્યો છે. તમે તૈયાર થાઓ ૐ નર્મદે હર....

આવી પૂજ્યશ્રીના મુખથી વાત સાંભળતાં જ લાલુને ઘણું જ અજાયબ લાગ્યું. હૃદય દ્રવીભૂત બની આંખેથી અશ્રુપાત થવા લાગ્યો ને દીનદાસભાવે પ્રાર્થના કરી કે હે પ્રભુ! આપશ્રીના માર્મિક મહિમાને હું નથી સમજી શકતો. હું બિનઅધિકારી જીવ છું છતાં મારા નાનકડા ભાવ–કોડ–પૂરા કરવા આપશ્રીને આ વિકટ જંગલમાં ખૂલ્લે પગે ચાલીને ગરુડેશ્વરથી તે કોટેશ્વર લગીનો ૮૦ માઈલનો અને ત્યાંથી પાછા દક્ષિણ તટે ચાલીએ તો ૮૦ માઈલનો એમ મળી કુલ ૧૬૦ માઈલનો રસ્તો ચાલવાનો થશે. હે દયાનિધિ! જો આટલી નાની ત્રૂટી પૂરી કરવા બાળક લાલુ ઉપર અહેતુકી કૃપા કરી છે, તો ખાતરી થાય છે કે હવે અવિદ્યાના ભીષણ પાશથી મને છોડાવશો.

## સ્વપ્નદ્વારા સૂરપાણના જંગલમાં

હે દયાના સાગર! આપશ્રીનો મહિમા કે પ્રભાવ સિંધુ સમાન છે અને લાલુ આપશ્રીની સામે એક બિંદુ સમાન છે જેથી સિંધુએ બિંદુને અપનાવી લેવામાં શો ભાર છે? હે કૃપાનાથ પ્રભુ! આપશ્રીની મારા પર અપાર કૃપા છે જેથી આપશ્રીના મીઠા આશીર્વાદ કૃપા–કટાક્ષ માત્રથી હું પરમ શાંતિ પામી શકીશ. કહેવત છે સાત ડગલાંનો સજ્જન પુરુષોનો સંગ જીવનકલ્યાણ માટે પૂરતો છે. હે દયાના સાગર! આપશ્રીનાં કોમળ ચરણો આ

સૂરપાણેશ્વરના પર્વતો અને ઉપર ચઢવું–ઊતરવું વળી, એવા જંગલી વનોમાં રસ્તા પણ ચાલવા જેવા હોતા નથી તેવા કષ્ટમય માર્ગે આપશ્રી કેવી રીતે ચાલશો?

પૂજ્યશ્રીએ કહ્યું કે, "ભાઇ, સામે આવતા આવરણને ભયરૂપે માનશો તો તમે બળહીન બની જશો." ત્યારે લાલુ કહે, 'પૂજ્યશ્રી પ્રભુ મને આત્મબળ આપો જેથી આપશ્રીને લાલુ પોતાને ખભે બેસાડીને ચાલે.' પરમ પાવની શ્રી નર્મદાજીના તપોવન રૂપે સૂરપાણની ઝાડીના બંને બાજુના કિનારે શ્રી સદ્‌ગુરુ રામ ભગવાનને ખભે બેસાડીને પદયાત્રા કરી લાલુ તેના માનવજીવનને સફળ કરશે."

## સૂરપાણના જંગલમાં પૂજ્યશ્રીનો સત્સંગ

આપશ્રીની કૃપા જ મારે માટે પૂર્ણ છે. હે પ્રભુ! હવે મારે એ જ ભાવના બાકી છે કે હું અહીં અને તહીં, અંદર કે બહાર, જડ કે ચેતન, સર્વમાં એક જ શ્રી રામ હિ રામ નિરખું; અને હું શ્રી રામમાં તેમ રામ મારામાં જળતરંગવત્ અભેદ ભાવે રહે. મારા વિચારમાં શ્રીરામ, મારા દર્શનમાં શ્રી રામ, મારા શ્રવણમાં શ્રીરામ, મારા જીવનમાં શ્રીરામ, મારા ચરણમાં શ્રીરામ, મારું જીવવું કે મરવું બંને શ્રીરામ ગુરુ ભગવાન માટે જ હો! મારી માગણી આટલી જ એ જ. મારે જોઇએ છે દેહાધ્યાસ મટે તો મરણ કોનું?

લાલુએ પૂજ્યશ્રીને વંદન કર્યાં, પછી પૂજ્યશ્રી રંગ અવધૂત ભગવાને હસતાં હસતાં લાલુની સામે પોતાનો જમણો કરકમળ લંબાવીને કહ્યું, 'ભાઇ! જેના હૃદયની સૂક્ષ્મમાં સૂક્ષ્મ શુભાશુભ વાસનાઓ, તૃષ્ણાઓ નિર્મૂળ થાય પછી હૃદયમાં શુદ્ધિ ઘર કરીને



રહે, તે પછી દૈવી ગુણો અને ભાવો જાગે અને તેનો માનવજન્મ સફળ થાય છે.'

પછી પૂ. શ્રીએ વાતવાતમાં કહ્યું : 'લાલજી મહારાજ, તમે બાર વર્ષ એક સ્થાને રહી શ્રી ભગવદ્‌ભજન કરવાની ભાવના કરી તે ઉત્તમ છે પણ શ્રીનર્મદા–પરિક્રમા વખતે સાથે બહેનો હોવાથી તમે શ્રીનર્મદાતટે ચાલતાં સૂરપાણ જંગલમાં બંને તટે ન જઇ શક્યા તેટલી ક્ષતિ ભજન વખતે વારંવાર યાદ આવે અને દિલમાં કાંટાની જેમ ડંખે છે તે વાત તમે મને કહી તેથી મેં વિચાર્યું કે આ થોડી અને નાની કામના સાધકના દિલમાં રહેશે તો ભજન કર્યું તે ન કરવા જેવું થશે. તેથી મેં આ ઉપાય શોધીને તમને નિર્વાસનિક બનાવી ભગવદ્ ભજનમાં સ્થિર કરવા વિચાર્યું છે. શુભ કે અશુભ, જે તે વિચાર, બંધનરૂપ છે. પરમાત્મા સર્વને શાંતિ દે. માટે જ નિષ્કામ અને શરણાગતિ મહત્ત્વની છે.

આવી વાતો કરતા પૂજ્યશ્રી ખૂબ જ ઝડપથી ચાલતા હતા. પૂ. શ્રી રંગઅવધૂત ભગવાનના દેહ સામે વારંવાર લાલુ જોતો હતો. પોતે કૌપીન પહેર્યું હતું. જમણા હાથમાં જાડી અને પોતાના કાન સુધી લાંબી ચંદનની લાકડી લઇને એવી ઝડપથી ચાલે કે લાલુ તો તેઓશ્રીની પાછળ દોડતો હતો તે બાબત પૂજ્યશ્રીએ જોઇ એટલે લાલુને પૂજ્યશ્રીએ કહ્યું કે, 'ભાઇ, આપણે ઘાંચીના બેલની જેમ ફરી નથી વળવાનું, દરેક કામનું અનુસંધાન પરમાત્માની પ્રીતિ અર્થે જ હોવું જોઇએ. આમ કરવાથી જ મનોવૃત્તિ સદ્‌ગુરુ રામનાં પાવન ચરણોમાં પરોવાય છે. પ્રેમ–ભાવ–શ્રદ્ધાથી ક્લેશ-કંટાળા વિના સમતાપૂર્વક શ્રી ભગવાન રામનું સ્મરણ કરતાં કરતાં જે કામો બને તે દેવપ્રિય બને છે અને તેવાં દેવપ્રિય કામો કર્યાથી સાધકને ચિત્તશુદ્ધિ સહેજે થાય છે. પ્રેમભાવ વગરનાં

ઉત્તમ મોટાં કામો પણ નાનાં અને વ્યર્થ જ છે. હે ભાઈ, જે જે શ્વાસ ભગવાનના નામસ્મરણ સાથે વ્યતિત થયા હોય તેટલી જ પળો માનવ જન્મની મનાય, બાકી પશુતા છે. તે માનવશરીરમાં પશુતા ભોગવે છે. હે ભાઈ, ભારતનાં બધાં તીર્થોમાં આ સર્વોત્તમ છે. આ પરમ પાવની રુદ્રદેહા શ્રી નર્મદા મૈયાના બંને કિનારા અતિ ઉત્તમ, પવિત્ર અને સાત્ત્વિક છે. છતાં ઉત્તર કિનારે દેવોએ, ઋષિમુનિઓએ અને ભક્તજનોએ વાસ કરીને જપ–તપ–તિતિક્ષા, હોમહવન, યજ્ઞયાગ વગેરે અનેક રીતે સાધના અને ભજન કર્યું છે; તેથી તે કિનારો વધારે સાત્ત્વિક છે. શ્રીનર્મદાજીના દક્ષિણ કિનારે પિતૃઓએ અને દાનવોએ નિવાસ કરી ભજન વગેરે કર્યાં છે. બંને ભજન કરનાર માટે ઉત્તમ છે. જે પ્રેમભાવથી નર્મદાકિનારો સેવે છે કે શ્રીનર્મદાજીની પરિક્રમા કરે છે, તેના નિયમોનું પાલન કરે છે ને રોજ શ્રી નર્મદાદર્શન, વંદન, સ્નાન, આચમન, શ્રીનર્મદા જલપાન કરે છે તેને પરમ શાંતિનો માર્ગ સરળતાથી સૂઝે છે. તે પરમ આનંદ પામે છે."

પૂજ્યશ્રી સાથે ઘણી જ ઝડપથી ચાલવામાં અને ઈષ્ટપ્રભુ નામસ્મરણ કરવામાં, લાલુ આમતેમ જોવા વિચારવાનો લાભ થોડા પ્રમાણમાં લઈ શકતો. તેમ જ શ્રી ગરુડેશ્વરથી શ્રીનર્મદાને ઉત્તર તટે ચાલતાં વચ્ચે જે જે દેવમંદિરો કે સંતજનો મળે ત્યાં પૂજ્યશ્રી સંસ્કૃતશ્લોક બોલી તેમનું સન્માનવંદન કરી ચાલતા જ રહે. લાલુને તે વિષેની ખબર ન પડવાથી અહીં નોંધ લીધી નથી.

અમે કોટેશ્વર પહોંચ્યા ત્યારે મેં પૂજ્યશ્રીને કહ્યું કે "પ્રભુ! અમે તિલકવાડાથી ઉપરના રસ્તે ચાલતાં ક્વાંટ, છોટાઉદેપુર, ચાંદપુર, અલિરાજપુર, કુકક્ષી થઈને કોટેશ્વર શ્રીનર્મદાજીને નવ



દિવસે મલ્યા હતા. પછી પૂજ્યશ્રીએ કહ્યું કે આટલેથી આપણે ઉત્તર કિનારો જોઈ લીધો. હવે શ્રી નર્મદા જળ પાર કરીને દક્ષિણ કિનારે ચાલો."

આમ કહી પૂજ્યશ્રી લાલુનો હાથ ઝાલીને ચાલ્યા. લાલુમાં માનવબુદ્ધિ હોવાથી તર્ક કરવા લાગ્યો કે નાવ વિના બાપજી નર્મદાજળમાં કેવી રીતે ચાલશે? પણ જળ આવ્યું ત્યાં પોતે તો જમીન પર ચાલતા હતા તેવા જ ભાવે નર્મદાજળમાં ચાલવા લાગ્યા. લાલુનો હાથ પૂજ્યશ્રીએ પકડેલો હોવાથી જળ જેવું અનુભવાયું નહિ. શ્રી નર્મદાજળનો પ્રવાહ પાર કરી ગયા બાદ રેતીમાં ચાલતાં અમારા બંનેના પગ તો ખુલ્લા હતા છતાં જળથી ભીંજાયા નથી અને રેતી પગે વળગતી નથી! આ બનાવથી લાલુને પૂજ્યશ્રી પ્રત્યે અનેરો ભાવ જાગ્યો. પછી લાલુએ પૂજ્યશ્રીને પૂછ્યું કે આપણા પગ ખુલ્લા છે છતાં નર્મદા જળપ્રવાહ પાર કરતાં કેમ ભીંજાયા નથી?

પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું, "લાલજી મહારાજ, આમાં કંઈ શંકા કરવા જેવું નથી. તમે શ્રીનર્મદાતટ નિષ્કામભાવે સેવો છો જેથી નર્મદાજળમાં પેદળ ચાલ્યા છતાં ભીંજાયા નથી. જે નિષ્કામભાવે ભગવદ્‌ભજન કરે છે તે ભક્તના દિલને સાંસારિક વાસનાનાં જળ ભીજવતાં નથી." એ જ ભજનનો પ્રભાવ માનવો.

(વધુ આવતા અંકે)

એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઈંદિરાદેવી

મૂળલેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## ઈંદિરા પોતાના ગુરુને મળે છે!

ફ્રાન્ઝે કહેલી 'આવતીકાલ' થોડા મહિનાઓમાં આવી પહોંચી. ૧૯૪૬ ના ઓક્ટોબરની સાતમી તારીખ હતી. એક કોલેજના મેળાવડામાં ઈંદિરાએ પ્રમુખસ્થાન લેવાનું હતું. જાણીતા ગાયક અને લેખક શ્રી દિલીપકુમાર રાય એ મેળાવડામાં અતિથિવિશેષ તરીકે પધારવાના હતા. પ્રિન્સીપાલ સાહેબે 'સુવર્ણકંઠ ગાયક' (Man of the goiden voice) તરીકે ઈંદિરાની આગળ એમની ઓળખ આપી હતી.

## દિલીપકુમારને મળવાની અદમ્ય ઇચ્છા થઇ આવી!

ઈંદિરા શ્રી દિલીપકુમારને નામે પણ ઓળખતી નહોતી. કેવળ તેને સંગીતનો શોખ હતો તેથી તેણે મેળાવડાનું પ્રમુખપદ લેવાનું સ્વીકાર્યું હતું. પરંતુ એ સાતમી તારીખે જ એને સખત તાવ સાથે દમનો હુમલો થયો. પરિણામે તે મેળાવડામાં જઇ શકી નહિ, પરંતુ બપોર પછી તેને દિલીપકુમારને મળવાની ખૂબ ઇચ્છા થઇ આવી, અને તેય પાછી દાબી ન દબાય એવી! ઈંદિરાએ એના પતિને આ મહાપુરુષને મળવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી. તેણે તેના પતિને શ્રી રોયને પોતાને ત્યાં પધારવા વિનંતી કરવાનું સૂચન કર્યું.

એનો પતિ ગભરાઇ ગયો. એને થયું કે ઈંદિરા તાવમાં બબડે



છે. તેથી તેણે કહ્યું, 'તાવ બહુ ચડયો લાગે છે. સંનિપાત ન હોય તો સારું!'

'મારે એને મળવું છે, એમને બોલાવવામાં તમને શો વાંધો છે? આપણે ત્યાં અત્યારે પાંચ સાત સારા કવિઓના મુકામ છે. એટલે એમને પણ સારી કવિતા સાંભળવા મળશે. તેમને ગમે તો મુશાયરામાં પણ હાજર રહી શકશે!' ઈંદિરાએ આગ્રહપૂર્વક કહ્યું. તેના પતિએ કહ્યું. 'તાવની ગરમી માથે ચડી ગઇ છે એટલે તારું ચિત્ત અત્યારે ઠેકાણે નથી. કાલે તું સ્વસ્થ થશે ત્યારે આપણે આ વિષે વાત કરીશું.'

'પણ, 'કાલે કદાચ તેઓ જતા રહેવાના હશે! એમને કેટલા કામ?' ઈંદિરાએ સામી દલીલ કરી.

'તું બિલકુલ સાચું બોલી!' તેના પતિએ કહ્યું, 'એ કાંઇ નવરા માણસ નથી. એટલા માટે તો કહું છું કે એમની આગળ આવી વિવેક વગરની વાત થાય કેવી રીતે? વળી, તારે એમને તકલીફ આપીને શું કામ છે? શા માટે તું એમને બોલાવવાનું કહે છે? તારો ચિમળાયેલો ચહેરો જોવા? તારી આ હાંફ જોવા? માટે ડાહી થઇને પડી રહે, કાલે સારું થઇ જશે!'

* * *

સાંજના સાડા સાત થવા આવ્યા હતા, એવામાં કોઇએ અંદર આવી ઈંદિરાની ચાકરી કરતી નર્સના કાનમાં કંઇક કહ્યું. ઈંદિરાએ પૂછ્યું કે શું છે? નર્સે કહ્યું કે 'કેટલાક સજ્જનો તમને મળવા આવ્યા છે, તેમાં એક તો સાધુ છે.'

'સાધુ, ભલા ભગવાન! સાધુનું મારે શું કામ છે? પણ રહે, એમના નામ પૂછી જો!'

એટલામાં એના પતિએ અંદર આવી કહ્યું, 'છેવટે તેં તારું ધાર્યું કર્યું, ઇંદિરા! શ્રી દિલીપકુમાર રાય તને મળવા પધાર્યા છે! એમને અંદર લઇ આવું?'

'પણ તેઓ પોતાની સાથે આ સાધુને કેમ લાવ્યા છે?' ઇંદિરાએ પૂછ્યું.

'એ સાધુને નથી લાવ્યા, પણ એ પોતે જ સાધુ છે! પણ ગભરાતી નહિ! સાધુ કે નહિ સાધુ, પણ એના મોં પર કેવું તેજ છે! અદ્ભુત વ્યક્તિ છે! આવાનાં તો દર્શન પણ દુર્લભ છે! પણ ઝટ કર, એમને બીજી બે જગ્યાએ જવાનું છે. તું બહાર આવી શકશે? અરે, હું તો એમને જોતાં જ એવો થઇ ગયો કે નીચો નમી મેં એમનો ચરણસ્પર્શ કરી લીધો! ચમકે છે કાં? હું કાંઇ તને એવું કરવાનું નથી કહેતો! તું મને પગે લાગે છે એટલું બસ છે!'

ઇંદિરાએ ગરમ સાલ ઓઢી લીધી, અને ધીરેથી ચાલીને તે બેઠકખંડમાં આવી. શ્રી દિલીપકુમારજી બે મિત્રોની વચ્ચે સોફામાં બેઠા હતા. ઇંદિરાને આવતી જોઇને તે ઊભા થઇ ગયા. એમને જોતાં જ ઇંદિરાની કરોડરજ્જુના મૂળમાંથી વિદ્યુતનો પ્રવાહ નીકળી ગરદન સુધી પહોંચી ગયો. હાથ જોડી નમસ્કાર કરી તે બેઠી. શ્રી દિલીપકુમારજીના મુખ પરની પવિત્રતાની આભાએ એને પહેલી અસર કરી. એમના અત્યંત રૂપાળા મુખ પર સચ્ચાઇ અને દૃઢ નિશ્ચયની છાપ હતી. ઇંદિરાના પતિ પણ અભિભૂત થઇ ગયા હતા. તેમણે કહ્યું, 'હું અહીંની રોટરી કલબનો અધ્યક્ષ છું. આમને અનુકૂળ એવા કોઇ પણ સોમવારે આપને ઠીક લાગે તે વિષય પર, જો આપ અમારી કલબમાં પ્રવચન આપવા પધારશો તો અમે એને મોટું માન સમજીશું!'



શ્રી દિલીપકુમારને ગાંધીજીને મળવા જવાનું હતું અને પછી પાછું કલકત્તા જવાનું હતું. ત્યાં તેમની પચાસમી જન્મજયંતી ઉજવવાની હતી, એટલે ગયા વિના ચાલે તેમ નહોતું. તેથી તેઓ આ વિનંતીનો સ્વીકાર કરી શક્યા નહિ.

'તો એમ કરો. કલકત્તા પાછા જતી વખતે બે દિવસ અહીં અમારે ત્યાં રોકાઇ જાઓ અને રોટરી કલબને લાભ આપતા જાઓ!' મારા પતિએ ફરી આગ્રહ કર્યો.

શ્રી દિલીપકુમારજીએ આ વાતનો તરત સ્વીકાર કર્યો, અને બીજે સ્થળ જવા માટે ઊભા થયા.

ઇંદિરાના પતિ અને આખા ઘરનાં બધાં નીચે નમી તેમને પગે લાગ્યાં, પણ ઇંદિરા અક્કડ બની ઊભી રહી. જો કે એના મનમાં વાવાઝોડું શરૂ થઇ ગયું હતું.

શ્રી દિલીપકુમારજીનાં દર્શન થતાં જાણે ઘણા વખતની ઝંખના પૂરી થતી હોય તેવો આનંદ થયો હતો! જાણે પોતે કોઇ અંધારા બુગદામાં થઇને જતી હતી. માર્ગ સૂઝતો નહોતો. અંધારે અટવાતી હતી, ત્યાં અચાનક સામા છેડાનું બારણું ઊઘડયું અને એમાંથી પ્રકાશનું પૂર વહી આવ્યું. અંધારામાં હવે એનો રસ્તો દેખાયો. એણે જોયું તો એ જ્યોતિર્ધર હતા શ્રી દિલીપકુમાર રાય!

આવતા જાન્યુઆરીમાં શ્રી દિલીપકુમારજી ત્રણ દિવસ એમને ત્યાં મહેમાન તરીકે રહેશે અને રોટરી કલબમાં સંગીત અને આધ્યાત્મિકતા વિષે પ્રવચન આપશે એવું નક્કી થયું.

ઇંદિરાના પતિના આનંદ ઉત્સાહનો પાર નહોતો. તે ફરી ફરી કહે 'વાહ શું ફક્કડ માણસ છે! આનું નામ સાચો સાધુ! બીજા સાધુઓમાં ને આમાં કેટલો ફેર છે! ખબર છે, સુભાષચંદ્ર બોઝના

એ ખાસ મિત્ર હતા? બંને કેમ્બ્રિજમાં સાથે ભણતા હતા. આ કોઈ રૈંજીપૈંજી માણસ નથી, મહા વિદ્વાન છે! કેટલાં પુણ્ય કર્યાં હોય ત્યારે આવા માણસના દર્શન થાય! હું તો એમ માનું છું કે તેઓ અહીં મને જ મળવા પધાર્યા હતા અને ભલા ભગવાન! તું તે કેવી સ્ત્રી છે! બાવલાની પેઠે ત્યાં અક્કડ થઈને ઊભી રહી! એક અક્ષરે બોલી નહિ, અરે, માથું નમાવવા જેટલો વિવેકેય તારાથી બતાવાયો નહિ. ગમે તેમ, આવા માણસોને મળવું મને બહુ ગમે છે, પણ આવા માણસો છે ક્યાં? મારા પર તેમની ભારે કૃપા એટલે વચમાં દિવસ ભાંગી રોટરી કલબમાં ભાષણ કરવાની મારી શી જરૂર? હીરાની કિંમત ઝવેરી જાણે એમ કહ્યું છે તે ખોટું નથી! છોકરી, આવા માણસનાં દર્શનની તને તક મળી એ માટે તું મારો આભાર માન!' (ક્રમશઃ)

---


**સુવાક્ય**

નિષ્ફળતા પર નિષ્ફળતા મળે, માર્ગ જલ્દી ના જડે, કામ વિકટ બને તોપણ સાધક હિમ્મત ન હારે, નિરાશ ન બને અને પોતાના પુરુષાર્થને ન છોડે, તો અંતે ધ્યેય સિદ્ધ થાય ને થાય જ. યોગેશ્વરજી

*** પરફેક્ટ એન્ટરપ્રાઈઝ ***

**મરચન્ટ, એક્ષપોર્ટ્સ, ઈમ્પોર્ટર્સ**

**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**

૪૨, જય શ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર

રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.

ફોન નં. ઓ. : ૨૨૫૪૭૮ ઘર : ૪૫૫૫૧૪





**સુવાક્ય**

સંસારમાં રહીને પણ ઈશ્વરના માર્ગે જઈ શકાય; જો સંસારને મનમાં રાખવામાં ન આવે તો.

રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭

૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન

"સત્યવાન" તથા "ચંદન"

૬, ૮ તથા ૧૦ હો. પા.

–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

**વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,**

**યોગશિબિરના આયોજન માટે**

**ડો. હિમાંશુ પાઠક,**

**શ્રી હેમીના પાઠક.**

*** યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર ***

ડો. મનસુખલાલ ટાવર, અઠવાલાઈન્સ, સુરત.

ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯

ઘર : ૬૮૫૨૮૩

# રામકથા

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રાવણ ક્રોધે ભરાઈને પોતાની તલવાર તાણીને બોલ્યો : ‘મારો સંહાર? અને એ પણ રામ, લક્ષ્મણ કે સુગ્રીવ કરશે? આ વાનર શું બકી રહ્યો છે? એનો કાળ પાસે આવીને એને આવું બોલાવી રહ્યો લાગે છે. બીજું કાંઈ જ નથી. હું એને એની દુર્બુદ્ધિને માટે હમણાં જ દેહાંતદંડ આપું છું.’

હનુમાને હસીને કહ્યું : ‘દેહાંતદંડથી હું નથી ડરતો. પરંતુ એ દંડ તારાથી નથી આપી શકાય તેમ. રામ તથા સીતાની મારા પર કૃપા છે, એટલે તું ચાહશે તોપણ મારું કર્તવ્ય બજાવી દીધું. એથી વિશેષ મારે કશું જ નહોતું કરવું. મહારાજા સુગ્રીવ તથા રામના દૂત તરીકે હું તને તારા ધર્મનું ભાન કરાવવાનું કર્તવ્ય બજાવવા જ આવ્યો છું.’

‘એ અનુચિત કર્તવ્યની શિક્ષા ભોગવશે ત્યારે જ તને શાંતિ વળશે. મને પણ ત્યારે જ સંતોષ થશે. તું હજુ મારા પ્રતાપને નથી જાણતો.’

એમ કહીને રાવણે હનુમાનનો વધ કરવાની આજ્ઞા કરી.

રાવણના સેવકો એ આજ્ઞાનું પાલન કરવા તૈયાર થયા, એટલે વિભીષણે વચ્ચે પડીને કહ્યું : ‘રાજનીતિના પરંપરાગત નિયમાનુસાર દૂતનો વધ ન થાય. દૂતનો વધ સઘળા સંજોગોમાં નિષિદ્ધ ગણેલો છે. એટલે એ નિષેધનો ભંગ કરવો બરાબર નથી.’



રાવણ બોલી ઊઠયો : ‘રાજનીતિના એ નિયમનું પાલન કરવું મને ઠીક નથી લાગતું. આ મૂર્ખ વાનરે દૂત તરીકેના અધિકારનો દુરુપયોગ કરીને સેનાના કેટલાય શૂરવીર યોદ્ધાઓનો નાશ કર્યો છે. એ વખતે એણે રાજનીતિના નિયમને યાદ નથી રાખ્યા.’

‘છતાં પણ આપણે એની સાથે નીતિપૂર્વક કામ લેવું જોઈએ.’

હનુમાને વિભીષણ તરફ માનની નજરે જોતાં કહ્યું : ‘યોદ્ધાઓનો નાશ કરવામાં મારો દોષ જરા ય નથી. મને ભૂખ લાગવાથી હું ઉપવનમાં ફરીને ફળ ખાતો’તો ત્યાં જ મારા પર એ યોદ્ધાઓએ હુમલો કર્યો. મારા જેવા નિઃશસ્ત્ર પર શસ્ત્રો સાથે હુમલો કરતાં એમને શરમ પણ ના આવી. પછી મારા રક્ષણને માટે એમનો સામનો ન કરું તો શું કરું? સામનો કરવાથી એ મરી ગયા. એમાં હું શું કરું?’

રાવણે કહ્યું : ‘તું ઘણો ચતુર લાગે છે. તારી દલીલ કરવાની યુક્તિ અનોખી છે. છતાં પણ તે મારી આગળ કામ નહિ લાગે. વિભીષણના કહેવાથી તારો વધ નહિ કરું તોપણ તને કઠોર સજા તો કરીશ જ.’

‘હું તને ચતુર લાગતો હોઈશ પરંતુ તારા જેટલો ચતુર તો નથી જ. પરસ્ત્રીના હરણની તારી ચતુરતા તો મને સ્વપ્ને પણ ન આવડે.’

રાવણ ફરી ક્રોધે ભરાયો ને બોલ્યો : ‘આ અવિવેકી વાનરને શી સજા કરવી જોઈએ?’

મંત્રીઓમાંના એકે કહ્યું : ‘વાનરને પોતાનું પૂછડું ઘણું પ્રિય હોય છે. તેને સળગાવી દેવાથી એને આકરામાં આકરી સજા મળી રહેશે.’

રાવણને એ સૂચના ગમી ગઈ.

એણે હનુમાનના પૂછડાને સળગાવવાનો આદેશ આપ્યો. પૂછડા પર વસ્ત્રો વીંટવામાં આવ્યાં અને એના પર તેલ રેડવામાં આવ્યું.

પરંતુ પોતાની અસાધારણ શક્તિની મદદથી હનુમાને પોતાના પુચ્છને વિરાટ કર્યું.

એના પર લપેટવા માટે અસંખ્ય વસ્ત્રોનો ઉપયોગ કરવો પડયો તથા એને તરબોળ કરવા માટે કેટલું ય તેલ નાંખવું પડયું.

પછી એને સળગાવવામાં આવ્યું ત્યારે રાવણ રાજી થયો ને બોલ્યો : 'હવે તને મારી ચતુરાઈની ખબર પડશે. રામ તથા સુગ્રીવની પાસે જીવતો જઈશ તો એમને પણ મારા બળની અને મારી બુદ્ધિની માહિતી મળશે.'

હનુમાને અટ્ટહાસ્ય કરીને બંધન મુક્ત થઈને વિદાય થતાં કહ્યું : તારામાં બળ અને બુદ્ધિનો છાંટો પણ નથી એ હું પહેલેથી જ સમજીચૂક્યો છું. તારામાં લગાર પણ ચતુરાઈ હોત તો તું આવું મૂર્ખતાપૂર્ણ કામ કરતજ નહિ. આ કામ તને જ ભારે પડવાનું છે. એથી મારું કશું નથીબગડવાનું પરંતુ તારી લંકા જ બળી જશે.'

હનુમાને લંકાનાં મકાનો તથા રાજપ્રાસાદ પર કૂદવા માંડયું.

એ વખતે પ્રતીક્ષા કરતો બેઠો હોય તેમ એકાએક પવન ફુંકાવા લાગ્યો, એટલે મકાનો સળગાવવામાં સહાયતા સાંપડી.

લોકો દોડાદોડ કરવા લાગ્યા, બૂમો પાડવા માંડયા, અને બેચેન તથા ભયભીત બની ગયા.

હનુમાન એ જોઈને સંતોષ પામ્યા.

મોટા ભાગની લંકાને સળગાવીને પોતાના પુચ્છને સાગરમાં બોળીને એમણે અગ્નિની ભયંકર જ્વાળાને ઓલવી દીધી અને અશોકવાટિકામાં આવીને સીતાને પ્રણામ કરીને સઘળી કથા કહી



સંભળાવી.

સીતા હનુમાનના પરાક્રમ પર મુગ્ધ બની ગઈ.

હનુમાને કહ્યું : 'માતા, તમારા તથા રામના આશીર્વાદથી જ હું બચી શક્યો. લંકાને બાળતી વખતે મને ખ્યાલ ન રહ્યો પરંતુ પાછળથી વિચાર આવ્યો કે મારા સાહસના પરિણામે કદાચ અશોકવાટિકા બળી ગઈ હશે તો તમારું શરીર પણ સલામત નહિ રહી શકે. એ દશામાં હું શું મોઢું લઈને રામ, લક્ષ્મણ અને સુગ્રીવ પાસે પાછો જઈશ? એ વિચારથી મારી ચિંતા વધી ગઈ, અને તમારી માહિતી મેળવવા જલદી જલદી પાછો આવ્યો. તમને સર્વ પ્રકારે સલામત જોઈને મારો જીવ હેઠો બેઠો. હવે તમારી રજા માગું છું. તમને આવી અસહાય અવસ્થામાં છોડીને જતાં મન માનતું તો નથી પરંતુ મારા કર્તવ્યનો તથા રામની શાંતિનો વિચાર કરતાં ગયા સિવાય છૂટકો પણ નથી. રામ બનતી વહેલી તકે આવશે ને તમને છોડાવશે.'

સીતાની આંખમાં આંસુ આવી ગયાં. એણે હનુમાનને આશીર્વાદ આપ્યો ને કહ્યું : 'રામને મારો સંદેશ કહેજો કે, રાવણે આપેલી એક મહિનાની અવધિ પૂરી થતાં પહેલાં જો નહિ આવો તો હું જીવતી નહિ રહું. મારા શરીરને સળગાવી દઈશ. માટે પુનર્મિલનની આશામાં, એમના સ્મરણમનનના આધારે જ હું જીવી રહી છું. એમને ચિત્રકૂટ પર બનેલી ઈન્દ્રપુત્ર જયંતની હકીકતની યાદ દેવડાવજો. કહેજો કે, રાવણે તો એનાથી પણ મોટો અપરાધ કર્યો છે. મારા જીવને જરા પણ આનંદ નથી લાગતો, છતાં રામને મળવાના મનોરથમાં એ હજુ પણ ટકી રહ્યો છે.'

હનુમાને એને અનેક પ્રકારે હિંમત તેમ જ શાંતિ આપીને એની વિદાય લીધી.

## પ્રેમ અને લાગણી

માર્ગમાં થોડેક આગળ જતાં વિભીષણનો મેળાપ થયો. વિભીષણ એના ઘર તરફ જઈ રહ્યો હતો.

હનુમાનને દેખીને પોતાના રથમાંથી ઊતરીને એ આગળ આવ્યો અને એમને પ્રણામ કરીને ઊભો રહ્યો, તથા બોલ્યો : 'તમારી બુદ્ધિ તથા તમારું બળ જોઈને મને તમારે માટે ભારે માન પેદા થયું છે. હું રાવણનો ભાઈ વિભીષણ છું. રહું છું તો રાવણની આ વિચિત્ર નગરી લંકામાં, પરંતુ મારું મન જ્યારથી રામના ગુણાનુવાદ સાંભળ્યા છે, ત્યારથી રામના ચરણમાં જ રહ્યા કરે છે. રામના દર્શનને માટે મારું મન અધીરું બન્યું છે. એમના દર્શનની લાલસાને મેં જેમ તેમ કરીને દબાવી રાખી છે. એમનું દર્શન તો મને જ્યારે થશે, ત્યારે ખરું, પરંતુ તમારા દર્શનનો લાભ મળ્યો એને પણ મારું સદ્ભાગ્ય જ સમજું છું. તમે રામના સાચા સેવક કે ભક્ત છો, એટલે તમારા દર્શનથી મારો આત્મા અવર્ણનીય આનંદનો અનુભવ કરી રહ્યો છે. મારા તમને અત્યંત પ્રેમપૂર્વક પ્રણામ છે. તમે સીતાને મળ્યા જ હશો. ન મળ્યા હો તો તેની માહિતી આપું.'

વિભીષણની નમ્રતા, સરળતા, નિષ્કપટતા તથા રામ પ્રત્યેનો એનો પ્રેમ જોઈને હનુમાન પ્રસન્ન થયા ને બોલ્યા : 'વિભીષણ, રાજસભામાં તમને જોઈને તથા તમારાં વિનયપૂર્વકનાં નીતિમય વચનો સાંભળીને જ મને તમારા પ્રત્યે પ્રેમ થયેલો. તમે મને મળી ગયા તે સારું થયું. હું સીતાને મળ્યો છું. હવે રામની પાસે જઈને એના સમાચાર પૂરા પાડીશ. પરંતુ તમને આસુરી સંપત્તિથી ભરેલી આવી લંકામાં રાવણને અધીન થઈને રહેવું ગમે છે? આવા વિપરીત વાતાવરણમાં રહીને પણ તમે તમારા હૃદયમાં રામના પ્રેમને કેવી રીતે ટકાવી શક્યા છો? (ક્રમશઃ)

## * હર પરિસ્થિતિમાં મનને શાંત રાખો *

ગીતાનો આદર્શ કર્મયોગ માનવને પોતાના સ્વભાવને સુધારવાનું, સંકલ્પોને શુચિ તથા સાત્ત્વિક બનાવવાનું, તથા મન અને અન્ય ઈન્દ્રિયોપર કાબૂ કરવાનું શીખવે છે. એવો શુચિ, સાત્ત્વિક, સંયમી પુરુષ પરિસ્થિતિથી પ્રભાવિત બનવાને બદલે પરિસ્થિતિપર પોતાનો પ્રભાવ પાડતો હોય છે. પરિસ્થિતિ ગમે તેવી હોય તોપણ ચિત્તની સમતુલાને ગુમાવતો નથી. જય મળે કે પરાજય, સુખ આવે કે દુ:ખ, લાભ મળે કે હાનિ, ઉલ્લાસના અવસર આવે કે વિષાદના તોપણ મનને સ્વસ્થ રાખી શકે છે. બનાવેલી બાજી બગડી જાય કે બગડેલી બાજી સુધરી જાય અથવા ના બનાવેલી ના કલ્પેલી બાજી સાકાર થાય તોપણ; આજુ-બાજુ અંધકારના ઓળા ઉતરી પડે, પ્રકાશનાં રહ્યાંસહ્યાં રશ્મિ અદૃશ્ય થાય અથવા એકાએક પ્રકાશ પથરાઈ જાય તોપણ સ્નેહીજનો વિરોધી બને કે વિરોધી સ્નેહી બને તોપણ; જીવનમાં આઘાતપ્રત્યાઘાતના પારવિનાના પ્રસંગો પેદા થાય કે શમી જાય તોપણ; પથ દેખાય કે પથ ધૂલિ-ધૂસર બનીને દેખાતો બંધ થાય તોપણ; આશાના કિલ્લા તૂટી પડે કે તૂટેલા ફરીવાર તૈયાર બને તોપણ; જીવનના જટિલ જંગમાં, મહાભારતમેદાનમાં વિરોધીઓ સામે લડવું પડે કે સહન કરવું પડે, પ્રહારો કરવા પડે અથવા સહવા પડે તોપણ; મનને શાંત રાખે છે.

યોગેશ્વરજી

ADHYATMA | Regd. No. GBV 113

# * એક મારું જ શરણ લે *

मामेकं शरणं व्रज इति शक्तिः ॥

"એક મારું જ શરણ લે એ શક્તિ છે."

ભગવાન કૃષ્ણે ગીતાના અઢારમા અધ્યાયમાં અર્જુનને પોતાનું શરણ લેવાનું કહ્યું છે. સર્વભાવે સાચા દિલથી શરણ લેવાનું. અર્જુનને નિમિત્ત બનાવીને પ્રત્યેક માનવને એ જ વાત કહી છે. એ જ સનાતન સંદેશ સંભળાવ્યો છે. શરણાગતિ ભાવના પરિણામે જ ગીતાનું સર્જન થયું. અર્જુને ભગવાન કૃષ્ણને શરણે જઈને એમને પ્રકાશ, પ્રેરણા, પથપ્રદર્શનને માટે પ્રાર્થના ના કરી હોત તો ગીતાની જ્ઞાનગંગાનું અવતરણ ના થયું હોત. અર્જુનની શરણાગતિના પરિણામે ભગવાને એના પર કૃપા કરી. તાપતપ્ત અશાંતિગ્રસ્ત સમસ્યારત કિંકર્તવ્યવિમૂઢ માનવ પણ ભગવાનનું શરણ સ્વીકારે તો એની અર્જુનની પેઠે કાયાપલટ થઈ જાય. ભગવાન એના માનવને ને માનવમાત્રને પોતાના પ્રત્યે અભિમુખ થવાનો ને પોતાના અસાધારણ અલૌકિક અનુગ્રહના આસ્વાદની અભીપ્સા રાખવાનો સંદેશ સંભળાવે છે, એ સંદેશ કલ્યાણકારક છે. ગીતાનો એ સારસંદેશ છે. એને જીવનમાં વણી લેવાથી જીવન શક્તિશાળી બનશે ને શાંતિ અનુભવશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.